RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 108
Dt.: 28-12-2025,
Sunday
Page : 04
Rs.00.50 paisa




EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### સિંધુ જળ સંધિ રદ કર્યા બાદ ભારતનો બીજો નિર્ણય

## ચિનાબ નદી પર વધુ ૨૬૦ મેગાવોટના પ્રોજેક્ટને મંજૂરી

### ભારતે પાકિસ્તાનને વધુ એક મોટો પાઠ ભણાવ્યો છે અને એક મોટા પ્રોજેક્ટને મંજૂરી આપતા પાકિસ્તાનના ટેન્શનમાં વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલ-૨૦૨૫ના રોજ આતંકવાદી હુમલો થયો હતો, ત્યારબાદ ભારત આતંકવાદને પ્રોત્સાહન આપતા પાકિસ્તાન વિરુદ્ધ એક પછી એક કાર્યવાહી કરી રહ્યું છે. ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પીઓકે અને પાકિસ્તાન સ્થિત આતંકવાદી ઠેકાણાઓને નષ્ટ કરી નાખ્યા હતા, એટલું જ નહીં ભારતે સિંધુ જળ સમજૂતી પણ રદ કરી દીધી હતી, જેના કારણે પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય મંચો પાસે જઈને ભારત વિરુદ્ધ ઝેર ઓકવાની સાથે પાણી માટે ભીખ માગી રહ્યું છે. એટલું જ નહીં, બિલાવ ભુટ્ટો સહિતના પાકિસ્તાની નેતાઓ ભારત પર પરમાણુ હુમલો કરવાની પણ ધમકી આપતા રહ્યા છે. હવે ભારતે પાકિસ્તાનને વધુ એક મોટો પાઠ ભણાવ્યો છે અને એક મોટા પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે, જેના કારણે પાકિસ્તાનના ટેન્શનમાં વધુ વધારો થયો છે.ભારતના પર્યાવરણ મંત્રાલયની એક સમિતિએ જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લા સ્થિત ચિનાબ નદી પર ૨૬૦ મેગાવોટની 'દુલહસ્તી જળવિદ્યુત પ્રોજેક્ટ'ના બીજા તબક્કાને મંજૂરી આપી દીધી છે. હવે આ ૩૨૦૦ કરોડ રૂપિયાના 'રન ઑફ ધ રિવલ' પ્રોજેક્ટ માટે ટેન્ડર જારી કરવાનો રસ્તો સાફ થઈ ગયો છે. ભારત દ્વારા સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો અને દુલહસ્તી પ્રોજેક્ટના બીજા તબક્કાને મંજૂરી આપવાનો નિર્ણય પાકિસ્તાન માટે અનેક રીતે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

'રન ઑફ ધ રિવલ' જળવિદ્યુત પ્રોજેક્ટના ધ્યેય સાથે સંકળાયેલો બીજા તબક્કાનો પ્રોજેક્ટ એક એવો પ્રોજેક્ટ છે, જેમાં નદીઓના જળ પ્રવાહમાં કોઈપણ અડચણ ઊભી કર્યા વગર વીજળીનું ઉત્પાદન કરી શકાય છે. પ્રોજેક્ટની ખાસિયત એ છે કે, નદીમાં કોઈપણ અચડણ કર્યા વગર કુદરતી પ્રવાહનો ઉપયોગ કરી શકાય છે.

દુલહસ્તી જળવિદ્યુત પ્રોજેક્ટ પર વર્તમાનમાં ૩૯૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવા પર કામ થઈ રહ્યું છે. વર્ષ ૨૦૦૭માં **NHPC**એ આ પ્રોજેક્ટ ચાલુ કર્યો હતો, જે હાલમાં પણ સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. હવે પ્રોજેક્ટના બીજા તબક્કાને મંજૂરી મળ્યા બાદ વધુ ૨૬૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરી શકાશે.

જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ જળ સંધી લાગુ હતી, ત્યાં સુધી પાકિસ્તાનનો સિંધુ, જેલમ અને ચિનાબ નદી પર અધિકાર હતો, જ્યારે રાવી, બ્યાસ અને સતલુજ નદી પર ભારતનો અધિકાર હતો.

હવે સંધિ રદ કરી દેવાઈ છે, તેથી ભારત સરકારે સિંધુ બેસિન પર અનેક જળવિદ્યુત પ્રોજેક્ટની કામગીરી આગળ વધારી રહી છે.

આ પ્રોજેક્ટો સાવલકોટ, રાતલે, બરસર, પાકલ દુલ, ક્કાર, કિરુ અને કીતઈના પ્રથમ તેમજ બીજા તબક્કા સામેલ છે.



### સત્ય નદેલા-સુંદર પિચાઈને પાછળ છોડ્યા

## દુનિયાની સૌથી ધનિક ભારતીય મૂળની CEO બની જયશ્રી ઉલ્લાલ

### જયશ્રી ઉલ્લાલની કુલ સંપત્તિ ૫૦,૧૭૦ કરોડ સુધી પહોંચી છે : ૨૦૦૮થી અરિસ્ટા નેટવર્ક્સનું નેતૃત્વ કરી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

વૈશ્વિક ટેકનોલોજી ઉદ્યોગમાં જ્યારે પણ ભારતીય મૂળના સૌથી ધનિક **CEO**ની વાત થતી, ત્યારે વર્ષોથી માઈક્રોસોફ્ટના સત્યા નદેલા અને ગૂગલના સુંદર પિચાઈનું નામ સૌથી પહેલા આવતું હતું. પરંતુ હવે આ તસવીર સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૫એ આ યાદીમાં એક નવું અને ઐતિહાસિક નામ જોડ્યું છે - અરિસ્ટા નેટવર્ક્સના અધ્યક્ષ અને **CEO** જયશ્રી ઉલ્લાલ. **Hurun**ના રિપોર્ટ મુજબ, જયશ્રી ઉલ્લાલની કુલ સંપત્તિ ૫૦,૧૭૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. આ આંકડો તેમને માત્ર સત્યા નદેલા અને સુંદર પિચાઈથી આગળ નથી લઈ જતો, પરંતુ તેમને દુનિયાના સૌથી ધનિક ભારતીય મૂળના પ્રોફેશનલ **CEO** બનાવે છે. સરખામણી કરીએ તો, સત્યા નદેલાની સંપત્તિ લગભગ ૯,૭૭૦ કરોડ રૂપિયા અને સુંદર પિચાઈની સંપત્તિ લગભગ ૫,૮૧૦ રૂપિયા કરોડ આંકવામાં આવી છે. જયશ્રી ઉલ્લાલ ૨૦૦૮થી અરિસ્ટા નેટવર્ક્સનું નેતૃત્વ કરી રહ્યા છે. ક્લાઉડ નેટવર્કિંગ અને હાઈ-પર્ફોર્મન્સ ડેટા સેન્ટર્સના ક્ષેત્રમાં આ કંપની આજે વૈશ્વિક લીડર તરીકે ઓળખાય છે. ફોર્બ્સ અનુસાર, ૨૦૨૪માં અરિસ્ટા નેટવર્ક્સની વાર્ષિક આવક લગભગ ૭ બિલિયન ડોલર રહી હતી, જે પાછલા વર્ષની સરખામણીમાં લગભગ ૨૦ ટકાનો મજબૂત વધારો દર્શાવે છે. કંપનીની આ સફળતામાં ઉલ્લાલની વ્યૂહાત્મક વિચારસરણી અને ટેક્નિકલ સમજની મોટી ભૂમિકા માનવામાં આવે છે. તેમની પાસે અરિસ્ટા નેટવર્ક્સના લગભગ ૩ ટકા શેર છે અને કંપનીના શેરમાં આવેલા જબરદસ્ત ઉછાળાએ તેમની નેટવર્થને નવી ઊંચાઈ પર પહોંચાડી દીધી છે.



જયશ્રી ઉલ્લાલનો જન્મ ૨૭ માર્ચ, ૧૯૬૧ના રોજ લંડનમાં એક ભારતીય મૂળના પરિવારમાં થયો હતો. ખૂબ જ નાની ઉંમરે તેઓ ભારત આવી ગયા અને તેમનો પ્રારંભિક અભ્યાસ નવી દિલ્હીમાં થયો.

તેમના પિતા એક પ્રતિષ્ઠિત ભૌતિકશાસ્ત્રી હતા અને **IITs**ની સ્થાપના સાથે સંકળાયેલા શૈક્ષણિક માળખામાં તેમનું મહત્વનું યોગદાન હતું. દિલ્હીની જીસસ એન્ડ મેરી કોન્વેન્ટ સ્કૂલમાંથી શિક્ષણ મેળવ્યા બાદ તેમનો પરિવાર અમેરિકા સ્થાયી થયો, જ્યાંથી તેમની કારકિર્દીને આંતરરાષ્ટ્રીય દિશા મળી.

અમેરિકામાં, જયશ્રી ઉલ્લાલે ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી અને બાદમાં એન્જિનિયરિંગ મેનેજમેન્ટમાં માસ્ટર્સની ડિગ્રી મેળવી. અભ્યાસ પૂર્ણ કર્યા પછી, તેમણે **AMD** અને ફેરચાઈલ્ડ સેમિકન્ડક્ટર જેવી દિગ્ગજ કંપનીઓમાં કામ કર્યું. જોકે, સિસ્કો **(Cisco)** સાથેનું જોડાણ તેમની કારકિર્દીનો મોટો વળાંક સાબિત થયું, જ્યાં તેમણે સ્વીચિંગ ડિવિઝનને કંપનીના સૌથી મજબૂત બિઝનેસ સેગમેન્ટમાં ફેરવી દીધું. ૨૦૦૮માં, તેમણે સિસ્કો છોડીને અરિસ્ટા નેટવર્ક્સની કમાન સંભાળી. તે સમયે અરિસ્ટા એક નાની કંપની હતી અને મર્યાદિત સંસાધનોમાં કામ કરી રહી હતી, પરંતુ તેમના નેતૃત્વ હેઠળ કંપનીએ વૈશ્વિક ટેક માર્કેટમાં પોતાની આગવી ઓળખ બનાવી.

### દેશમાં શ્વાસ સંબંધિત બીમારીઓનું એક મોટું સંકટ

## કોવિડ મહામારી બાદ ભારત પર તોળાઈ રહ્યું છે સૌથી મોટું સંકટ

### મોટાભાગનું ઉત્તર ભારત વાયુ પ્રદૂષણની ઝપેટમાં આવેલું છે, દિલ્હી એનસીઆરની હવા જાણે ઝેરી બની ગઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

છેલ્લા કેટલાક સમયથી મોટાભાગનું ઉત્તર ભારત વાયુ પ્રદૂષણની ઝપેટમાં આવેલું છે. દિલ્હી એનસીઆરની હવા જાણે ઝેરી બની ગઈ છે અને હવાની ગુણવત્તાના સ્તરમાં પણ સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ઠંડીમાં પારો ગગડતા સ્થિતિ વધુ કથળી છે. વિશેષજ્ઞોએ પણ હવે તો આ મુદ્દે ચિંતા વ્યક્ત કરી છે. સ્વાસ્થ્ય વિશેષજ્ઞોનું કહેવું છે કે કોવિડ ૧૯ મહામારી બાદ વાયુ પ્રદૂષણ ભારત માટે સૌથી મોટું સ્વાસ્થ્ય સંકટ છે. બ્રિટનમાં રહેતા ભારતીય મૂળના શ્વસન રોગના વિશેષજ્ઞ ચેતવણી ઉચ્ચારી છે કે જો તરત નક્કર પગલાં નહીં ભરવામાં આવે તો સ્થિતિ બગડતી જશે.

વિશેષજ્ઞોનું કહેવું છે કે દેશમાં શ્વસન સંબંધિત બીમારીઓનું એક મોટું સંકટ ધીરે ધીરે વિકરાળ સ્વરૂપ લઈ રહ્યું છે. આ સંકટની ગંભીરતા હાલ ન તો મોટા પાયે ધ્યાનમાં આવી રહી છે કે ન તો તેના સમાધાન માટે પુરતા પગલાં ભરાઈ રહ્યા છે. બ્રિટનમાં કાર્યરત અનેક વરિષ્ઠ ડોક્ટરોએ પીટીઆઈ-ભાષાને કહ્યું કે, શ્વાસ સંબંધિત બીમારીઓનું આ છૂપું સંકટ ધીરે ધીરે ગંભીર સ્વરૂપ લઈ રહ્યું છે અને આવનારી લહેર ભારતના લોકો અને દેશની સ્વાસ્થ્ય વ્યવસ્થા પર ઊંડી અને લાંબા ગાળાની અસર નાખી શકે છે. વિશેષજ્ઞોએ એમ પણ કહ્યું કે છેલ્લા દાયકામાં વિશ્વભરમાં હૃદયરોગના કેસોમાં વધારો માત્ર મોટાપાના કારણે નથી થયો પરંતુ તેનું મુખ્ય કારણ કારો અને વિમાનો સહિત શહેરી પરિવહનથી થતું ઝેરી ઉત્સર્જન છે. આ સમસ્યા ભારત, બ્રિટન અને અન્ય દેશોના શહેરોમાં ખાસ કરીને ગંભીર છે.



લિવરપુલના સલાહકાર શ્વસન રોગ વિસેષજ્ઞ અને ભારતની કોવિડ ૧૯ સલાહકાર સમિતિના પૂર્વ સભ્ય મનિષ ગૌતમ કહે છે કે, ભાર સરકારનું વાયુ પ્રદૂષણ પર ફરી ધ્યાન કેન્દ્રીત કરવું જરૂરી છે. પરંતુ કડવી સચ્ચાઈ એ પણ છે કે ઉત્તર ભારતમાં રહેતા લાખો લોકો માટે નુકસાન પહેલેથી થઈ ચૂક્યું છે. હાલમાં જે પગલાં ભરાઈ રહ્યા છે તે ખુબ ઓછા છે. શ્વાસ સંબંધિત બીમારીઓનું એક મોટું સંકટ ધીરે ધીરે આપણી સામે વધી રહ્યું છે.

તેમણે ચેતવણી આપી કે વર્ષો સુધી પ્રદૂષણની પક્કડમાં રહેવાના કારણે ફેફસાના સ્વાસ્થ્ય પર અસર ધીરે ધીરે સામે આવી રહી છે. તેમણે નીતિ બનાવનારાઓને અપીલ કરી છે કે તેઓ શ્વાસ સંબંધિત બીમારીઓની સમયસર ભાળ મેળવીને તેમના સારવાર પર ધ્યાન આપે અને ઝડપથી કામ કરનારા એક કાર્યદળની સ્થાપના પર વિચાર કરે. ડોક્ટરોના જણાવ્યાં મુજબ ડિસેમ્બરમાં ફક્ત દિલ્હીની હોસ્પિટલોમાં જ શ્વાસ સંબંધિત પરેશાનીઓ સામે ઝઝૂમી રહેલા દર્દીઓની સંખ્યામાં ૨૦થી ૩૦ ટકાનો વધારો જોવા મળ્યો. જેમાંથી અનેક દર્દીઓ એવા હતી જે પહેલીવાર આ બીમારીથી પીડાયા હતા અને યુવા હતા. બ્રિટનની રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવામાં ૨૦ વર્ષથી વધુ અનુભવ ધરાવતા ગૌતમે કહ્યું કે પ્રદૂષણ નિયંત્રણ અને રોકથામના ઉપાય તો મહત્વપૂર્ણ છે જ પરંતુ હવે ફક્ત આ ઉપાયોથી કામ નહીં ચાલે. ભારતે પહેલા પણ એ ઉદાહરણ રજૂ કર્યું છે કે મોટા પાયે સ્વાસ્થ્ય સંબંધિત કાર્યક્રમ ચલાવવો શક્ય છે.

સરકારના ઉપાયોએ ઝડપથી નિદાન અને સુનિયોજિત ઉપચાર કાર્યક્રમોના માધ્યમથી ક્ષય રોગની અસરમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે.

### મહત્ત્વપૂર્ણ બેઠક પહેલા જ તણાવ

## ઝેલેન્સ્કી નહીં, હું છું બોસ... ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનના PMની મજાક ઉડાવી

### રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ચાર વર્ષથી ચાલી રહેલા લોહિયાળ જંગને સમાપ્ત કરવા રવિવારે બેઠક યોજાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ચાર વર્ષથી ચાલી રહેલા લોહિયાળ જંગને સમાપ્ત કરવા માટે રવિવારે એક હાઈ-પ્રોફાઈલ બેઠક યોજાવાની છે. પરંતુ આ બેઠકના બે દિવસ પહેલા જ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીને સ્પષ્ટ શબ્દોમાં પોતાની તાકાતનો અહેસાસ કરાવ્યો છે. ટ્રમ્પે જણાવ્યું છે કે, યુએસ પ્રમુખની લીલી ઝંડી વગર ઝેલેન્સ્કીની કોઈપણ યોજના કે માગની કોઈ કિંમત નથી.

આવતીકાલે એટલે કે ૨૮ ડિસેમ્બરે ફ્લોરિડાના માર-એ-લાગોમાં ટ્રમ્પ અને ઝેલેન્સ્કી વચ્ચે ઐતિહાસિક મુલાકાત થવાની છે. આ બેઠકનો મુખ્ય એજન્ડા ૨૦-સૂત્રીય શાંતિ યોજના છે. યુક્રેન આ પ્લાન હેઠળ ભવિષ્યની સુરક્ષા માટે નાટોના



આર્ટિકલ ૫ જેવી મજબૂત અમેરિકન ગેરંટી ઈચ્છી રહ્યું છે.

આ ઉપરાંત, સરહદ પર ડિમિલિટ્રાઈઝ્ડ ઝોન(અસૈન્ય ક્ષેત્ર) બનાવવા અને ઝપોરિઝિયા પરમાણુ પ્લાન્ટના સંચાલન જેવા મુદ્દાઓ પર પણ નિર્ણાયક ચર્ચા થશે. એક ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે આક્રમક વલણ અપનાવતા કહ્યું કે, ઝેલેન્સ્કી પાસે ત્યાં સુધી કંઈ જ નથી, જ્યાં સુધી હું તેને મંજૂર ન કરું. અમે જોઈશું કે તેમની પાસે શું પ્રસ્તાવ છે.

ટ્રમ્પના આ નિવેદને સાફ કરી દીધું છે કે આ શાંતિ પ્રક્રિયામાં અમેરિકા માત્ર એક સાથી નહીં, પણ મુખ્ય નિર્ણાયકની ભૂમિકામાં છે. ઝેલેન્સ્કીએ તાજેતરમાં કહ્યું હતું કે તેમનો શાંતિ પ્લાન ૯૦% તૈયાર છે. જોકે, તેમણે સ્વીકાર્યું કે આ સમજૂતી માત્ર અમેરિકા અને યુક્રેન વચ્ચેની નથી. ઝેલેન્સ્કીના મતે આ શાંતિ દસ્તાવેજમાં ચાર સ્તંભો છેઃ યુક્રેન, અમેરિકા, રશિયા અને યુરોપ. રશિયા અને યુરોપની સહમતી વગર આ સમજૂતી અસરકારક સાબિત થઈ શકે તેમ નથી.

ગયા અઠવાડિયે મિયામીમાં યોજાયેલી ત્રિપક્ષીય બેઠક બાદ હવે સૌની નજર રવિવારની બેઠક પર છે. ઝેલેન્સ્કીને આશા છે કે નવા વર્ષની શરૂઆત પહેલા યુદ્ધના અંત માટે કેટલાક મોટા અને નિર્ણાયક નિર્ણયો લેવામાં આવશે. પરંતુ ટ્રમ્પના વર્ચસ્વવાદી વલણે યુક્રેન માટે શરતો માનવાની મજબૂરી ઊભી કરી દીધી હોય તેમ જણાય છે.

## ૫ જાન્યુઆરીથી મનરેગા બચાઓ આંદોલન શરૂ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસ વર્કિંગ કમિટીની દિલ્હીમાં મહત્ત્વની બેઠક બાદ પાર્ટીએ કેન્દ્ર સરકાર વિરુદ્ધ મોટી જાહેરાત કરી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ કહ્યું કે પાર્ટી ૫ જાન્યુઆરી ૨૦૨૬થી દેશભરમાં મનરેગા બચાઓ આંદોલન શરુ કરશે.

આ આંદોલન વિકસિત ભારત ગેરેન્ટી રોજગાર અને આજીવિકા યોજના એટલે કે **VB-G RAM G Act, 2025** વિરુદ્ધ હશે.

ખડગેએ પ્રેસ કોન્ફ્રન્સમાં કહ્યું કે મનરેગા ખાલી એક યોજના નથી, પણ સંવિધાનમાં મળેલા કામનો અધિકાર છે. તેને નબળું કરવા અથવા નામ બદલવું ગરીબો, મજૂરો અને ગ્રામિણ ભારત પર સીધો હુમલો છે. કોંગ્રેસે સ્પષ્ટ કર્યું કે આ લડાઈમાં સમગ્ર વિપક્ષનો સાથ અને આંદોલન ગામડે ગામડે સુધી લઈ જવામાં આવશે. કોંગ્રેસ નેતાઓનો આરોપ છે કે **VB-G RAM G Act** દ્વારા સરકારે મનરેગાના અધિકાર આધારિત ઢાંચાને ખતમ કરી નાખ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, આ નિર્ણય ગરીબોના હક પર હુમલો છે અને તેનાથી દેશની જનતાને ડાયરેક્ટ તકલીફ થશે.તેમના જણાવ્યા અનુસાર, આ પગલું સંઘીય ઢાંચા વિરુદ્ધ છે અને તેનાથી સત્તાનું કેન્દ્રીકરણ થશે.

રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે આ નિર્ણય ડાયરેક્ટ પીએમઓમાંથી લેવામાં આવ્યો છે, જેમાં ન મંત્રીઓની સલાહ લીધી છે ન કેબિનેટમાં તેની ચર્ચા કરી છે.



## તંત્રી લેખ......

### તારિક રહેમાનના પાછા ફર્યા પછી યુનુસ સરકાર પર દબાણ વધ્યું છે

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન ખાલિદા ઝિયાના પુત્ર તારિક રહેમાન ૧૭ વર્ષના સ્વ-નિર્વાસ પછી ગુરુવારે દેશમાં પાછા ફર્યા છે અને તેમને આગામી વડા પ્રધાન માનવામાં આવી રહ્યા છે. દરમિયાન, વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસની મુશ્કેલીઓ વધી રહી છે. તેમણે જે કટ્ટરપંથીઓને ઉછેર્યા હતા તે હવે દેશમાં શાંતિ અને સુમેળ માટે પડકાર બની ગયા છે. ગંભીર આરોપો. શેખ હસીનાની હકાલપટ્ટી પછી, વિદ્યાર્થી નેતાઓએ મોહમ્મદ યુનુસને એવી આશા સોંપી કે તેઓ એક સારી વ્યવસ્થાનો પાયો નાખવામાં મદદ કરશે. જોકે, આ આશા થોડા મહિનામાં જ ઝાંખી પડવા લાગી, અને ચૂંટણીઓ પર પરિણામી ઝઘડો સૂચવે છે કે લડાઈ હવે પ્રણાલીગત પરિવર્તન વિશે નહીં, પરંતુ સત્તા કબજે કરવા વિશે છે. આ સંદર્ભમાં, કટ્ટરપંથી નેતા શરીફ ઉસ્માન હાદીની હત્યા પછી તેમના ભાઈ દ્વારા લગાવવામાં આવેલા આરોપો અત્યંત ગંભીર છે. ઉગ્રવાદીઓ દ્વારા કાવતરું. હાદીના ભાઈનો દાવો છે કે સરકાર સાથે સંકળાયેલા લોકોએ ચૂંટણી મુલતવી રાખવા માટે હાદીની હત્યા કરાવી હતી. આ ચૂંટણી પહેલાથી જ શંકાના ઘેરામાં ઘેરાયેલી છે કારણ કે તમામ પક્ષો માટે સમાન તકોનો અભાવ છે. આ આરોપ સૂચવે છે કે સત્તામાં રહેલા કેટલાક તત્વો ઈરાદાપૂર્વક બાંગ્લાદેશને અસ્થિરતા તરફ દોરી રહ્યા છે અને ખોટા ભારત વિરોધી કથા બનાવવામાં પણ સામેલ છે. પ્રશ્નો ભારે થશે. હાદી જુલાઈ ક્રાંતિમાંથી ઉભરી આવેલા એક યુવાન, કટ્ટરપંથી નેતા હતા. બાંગ્લાદેશના વર્તમાન વાતાવરણમાં તેમનું કદ નોંધપાત્ર રીતે વધ્યું છે, અને તેમના પરિવાર દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો મોહમ્મદ યુનુસ પર ભારે પડી શકે છે. નબળા કાયદો અને વ્યવસ્થા અને લઘુમતીઓ પરના અત્યાચારો અંગે પગલાં લેવા માટે તેમના પર પહેલાથી જ આંતરરાષ્ટ્રીય મંચો તરફથી દબાણ છે. નિષ્પક્ષતા અંગે શંકાઓ. શરૂઆતથી જ શંકા હતી કે શેખ હસીનાની પાર્ટીને ચૂંટણીમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે. હવે સરકારની સ્પષ્ટતા આવી છે, અને તે પણ જે દિવસે તારિક રહેમાન દેશમાં પરત ફર્યા. આ સંયોગ ન હોઈ શકે. વિવિધ કેસોનો સામનો કરી રહેલા તારિકને વચગાળાની સરકાર તરફથી રાહત મળી, જેનાથી તેમના પાછા ફરવાનો માર્ગ મોકળો થયો. તેમને વડા પ્રધાન પદના દાવેદાર માનવામાં આવે છે. તેમનો પક્ષ, બીએનપી, હાલમાં આગામી સામાન્ય ચૂંટણીઓ જીતવા માટે સૌથી મજબૂત સ્થિતિમાં છે. પરંતુ શું આવામી લીગ વિના યોજાનારી આ ચૂંટણીને બાંગ્લાદેશના લોકોનો સાચો મત માનવામાં આવશે?

# ભારતીય રેલવેની આગામી ૫ વર્ષમાં મુખ્ય શહેરોમાં રેલગાડીઓની સંચાલન ક્ષમતા બમણી કરવાની યોજના

### મુખ્ય શહેરોમાં કોચિંગ ટર્મિનલોનું વિસ્તરણ યાત્રીઓની વધતી માંગને પૂર્ણ કરવા, ભીડ ઘટાડવા તથા રાષ્ટ્રવ્યાપી સંપર્ક સુવિધામાં સુધારો લાવવા માટે કરવામાં આવશેઃ રેલ મંત્રી શ્રી અશ્વિનીવૈષ્ણવ

યાત્રીઓની માંગમાં સતત થઈ રહેલા ઝડપી વધારાને ધ્યાનમાં રાખીને, આગામી ૫ વર્ષમાં મુખ્ય શહેરોમાં નવી રેલગાડીઓના સંચાલનની ક્ષમતા વર્તમાન સ્તર કરતાં બમણી કરવી આવશ્યક છે. આગામી વર્ષોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે વર્તમાન મૂળભૂત માળખાને વધુ મજબૂત બનાવવું પડશે. વર્ષ ૨૦૩૦ સુધીમાં સંચાલન ક્ષમતા બમણી કરવા માટે નીચે મુજબના કાર્યો સામેલ હશેઃ

i. વર્તમાન ટર્મિનલોને વધારાના પ્લેટફોર્મ, સ્ટેબલિંગ લાઇન, પિટ લાઈન તથા પૂરતી શન્ટિંગ સુવિધાઓથી સુસજ્જિત કરવું .

ii. શહેરી વિસ્તારોમાં તથા તેની આસપાસ નવા ટર્મિનલોની ઓળખ કરી તેમનું નિર્માણ કરવાનું.

iii. મેગા કોચિંગ કોમ્પ્લેક્સ સહિત જાળવણી સુવિધાઓ.

iv. વિવિધ સ્થળોએ રેલગાડીઓની વધતી સંખ્યાની વ્યવસ્થા કરવા માટે ટ્રાફિક સુવિધા કામો, સિગ્નલિંગ અપગ્રેડ તથા મલ્ટી-ટ્રેકિંગ દ્વારા વિભાગીય ક્ષમતામાં વધારો કરવો.

દેશના ૪૮ મુખ્ય શહેરો માટે એક વ્યાપક યોજના પર વિચારણા ચાલી રહી છે. આ યોજનામાં નક્કી કરાયેલ સમયમર્યાદા દરમિયાન રેલગાડીઓની સંચાલન ક્ષમતા બમણી કરવાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે નિયોજીત, પ્રસ્તાવિત અથવા પહેલેથી મંજૂર કરાયેલા કાર્યોનો સમાવેશ કરવામાં આવશે. ક્ષમતાને વર્ષ ૨૦૩૦ સુધીમાં બમણી કરવાની યોજના છે,પરંતુ અપેક્ષા છે કે આગામી ૫ વર્ષોમાં ક્ષમતામાં તબક્કાવાર વધારો કરવામાં આવશે જેથી ક્ષમતા વૃદ્ધિના લાભો તરત પ્રાપ્ત થઈ શકે. આથી આવનારા વર્ષોમાં વધતી ટ્રાફિકની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં સહાય મળશે. યોજનામાં કાર્યોને ત્રણ શ્રેણીમાં એટલે કે તાત્કાલિક, અલ્પકાલીન અને દીર્ઘકાલીનમાં વર્ગીકૃત કરવામાં આવશે.

કેન્દ્રીય રેલ મંત્રી, સૂચના અને પ્રસારણ મંત્રી તથા ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે,"અમે મુસાફરોની વધતી માંગને પૂર્ણ કરવા અને ભીડભાડ ઘટાડવા માટે વિવિધ શહેરોમાં કોચિંગ ટર્મિનલ્સનો વિસ્તાર કરી રહ્યા છીએ તેમજ વિભાગીય અને સંચાલન ક્ષમતામાં વધારો કરી રહ્યા છીએ. આ પગલાથી આપણું રેલવે નેટવર્કનું અપગ્રેડ થશે અને રાષ્ટ્રવ્યાપી સંપર્ક સુવિધામાં સુધારો થશે."

**અમદાવાદ ક્ષેત્રમાંથી ૧૫૦ કરતાં વધુ ટ્રેનોનું સંચાલન શક્ય બનશે**

**અમદાવાદ સ્ટેશન પર ટ્રેનોનો ભાર ઘટશે, સંચાલન વધુ સુગમ બનશે**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ વટવામાં આશરે ૩ કિમી લાંબો એક મેગા કોચિંગ ટર્મિનલ નિર્માણ કરવામાં આવશે. આ ટર્મિનલના કારણે અમદાવાદ સ્ટેશન પર ટ્રેનોનો અતિશય ભાર મોટા પાયે ઘટશે તેમજ સમગ્ર વિસ્તારમાં ટ્રેન સંચાલન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે. આ યોજના મંડળની ટ્રેન હેન્ડલિંગ ક્ષમતાને ૨.૫ ગણો વધારવાની યોજનાનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે

**વટવા ટર્મિનલની મુખ્ય સંરચના અને આધુનિક સુવિધાઓ**

● વટવાનો આ મેગા ટર્મિનલ આશરે ૩ કિમી લાંબો રહેશે. તેની પહોળાઈ એલસી-૩૦૫ ખાતે ૭૬ મીટર, આરઓબી-૭૧૩ (એસપી રિંગ રોડ) ખાતે ૩૦૦ મીટર તથા ખારી બ્રિજ નં. ૭૧૧ ખાતે ૧૧૮ મીટર રહેશે.

★ ટર્મિનલમાં કુલ ૧૨ પિટ લાઈનો બનાવવામાં આવશે, જેના દ્વારા ટ્રેનોનું ગહન તથા નિયમિત મેન્ટેનેન્સ સરળતાથી શક્ય બનશે.

★ ૨૯ સ્ટેબલિંગ લાઈનો ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેમાં ખાલી રેક્સને સુરક્ષિત રીતે ઉભા રાખી શકાશે.

★ ૨ વોશિંગ લાઈનો બનાવવામાં આવશે, જેના દ્વારા રેક્સની ઝડપી અને સતત સફાઈ સુનિશ્ચિત થશે.

★ ૬૦૦ મીટરની ૨ સિક લાઈનો બનાવવામાં આવી રહી છે, જ્યાં ખરાબ કોચોની મરામત અને તકનીકી સુધારાઓ કરી શકાશે.

★ ૬ નવા વધારાના પ્લેટફોર્મ બનાવવામાં આવશે, જેથી પ્લેટફોર્મોની કુલ સંખ્યા ૯ થશે અને ટ્રેનોની શરૂઆત તથા સમાપ્તિ વધુ વ્યવસ્થિત બનશે.

★ વટવા ટર્મિનલના પૂર્ણ સંચાલન બાદ દરરોજ ૩૬ જોડી ટ્રેનોનું પ્રાથમિક મેન્ટેનેન્સ, ૧૫ ટ્રેનો માટે પ્લેટફોર્મ રિટર્ન સુવિધા તથા કુલ ૫૧ ટ્રેનોનું સંચાલન શક્ય બનશે.

★ માત્ર વટવા ટર્મિનલ જ મંડળની કુલ ક્ષમતા વૃદ્ધિમાં અંદાજે ૮૫% યોગદાન આપશે.

**● અમદાવાદ મંડળમાં વ્યાપક ક્ષમતા વૃદ્ધિ – તમામ સ્ટેશનો પર ઝડપી વિકાસ**

★ વટવા ઉપરાંત અમદાવાદ, સાબરમતી, આસારવા અને ગાંધીનગર કેપિટલ સ્ટેશનો પર પણ મોટા પાયે અપગ્રેડેશનના કાર્યો ચાલુ છે, જે સમગ્ર નેટવર્કને વધુ મજબૂત બનાવશે.

★ તમામ કાર્યો પૂર્ણ થયા બાદ મંડળની ટ્રેન ઓરિજિનેશન ક્ષમતા સરેરાશ ૫૮ થી વધીને પ્રતિદિન ૧૫૦ સુધી પહોંચી જશે, જે અત્યાર સુધીની સૌથી મોટી વૃદ્ધિ હશે.

★ અમદાવાદ સ્ટેશન પર ટ્રેન સંચાલન ક્ષમતા ૩૮ થી વધીને દરરોજ ૪૫–૫૦ ટ્રેનો પ્રતિદિન સુધી પહોંચી જશે.

★ સાબરમતી સ્ટેશન પર આ ક્ષમતા ૨૦ થી વધીને ૨૭–૨૮ ટ્રેનો પ્રતિદિન થશે.

★ આસારવા સ્ટેશન પર ક્ષમતા ૬ થી વધીને ૧૧–૧૨ ટ્રેનો પ્રતિદિન સુધી વધશે .

★ ગાંધીનગર કેપિટલ સ્ટેશનની ક્ષમતા ૬ થી વધીને ૮–૧૦ ટ્રેનો પ્રતિદિન સુધી પહોંચી જશે?

★ વટવા સ્ટેશનની સંચાલન ક્ષમતા સૌથી વધુ વૃદ્ધિ સાથે ૬ થી વધીને ૫૬–૫૭ ટ્રેનો પ્રતિદિન સુધી પહોંચી જશે.

**● યાત્રીઓને મોટા લાભ અને રણનીતિક નેટવર્ક સુધારાઓ**

★ ક્ષમતા વૃદ્ધિથી યાત્રીઓને દરરોજની યાત્રી વહન ક્ષમતા ૧,૦૨,૦૦૦ થી વધીને ૨,૬૨,૦૦૦ પ્રતિદિન (લગભગ ૨.૫ ગણો)નો લાભ મળશે.

★ વધુ સંખ્યામાં એક્સપ્રેસ, મેમુ, ફેસ્ટિવલ સ્પેશલ તથા લાંબા અંતરની ટ્રેન સેવાઓ શરૂ કરવી શક્ય બનશે.

પિટ લાઈનોના નિર્માણથી ૨૩-કોચ એલએચબી રેક, વંદે ભારત તથા અમૃત ભારત જેવી ટ્રેનોનું મેન્ટેનેન્સ શક્ય બનશે, જેના કારણે ટ્રેનોની ઉપલબ્ધતા વધશે.

★ અમદાવાદ અને સાબરમતી યાર્ડમાં ભીડ ઘટવાથી ટ્રેનોની સમયપાલન ક્ષમતામાં વૃદ્ધિ થશે.

★ અમદાવાદ યાર્ડ રીમોડેલિંગ, સાબરમતીમાં નવી પિટ લાઈન અને પ્લેટફોર્મ નિર્માણ, આસારવા–સાબરમતી રૂ-કનેક્શન તથા ગાંધીગ્રામ–સાબરમતી–ખોડિયાર રૂ-કનેક્શન જેવા મહત્વપૂર્ણ નેટવર્ક સુધારાઓ ટ્રેન મૂવમેન્ટને વધુ ઝડપી, સુરક્ષિત અને નિર્વિઘ્ન બનાવશે.

આ તમામ યોજનાઓ પૂર્ણ થયા બાદ અમદાવાદ મંડળ પશ્ચિમ રેલવેનું સૌથી સક્ષમ, આધુનિક અને ભવિષ્યમુખી ટર્મિનલ ક્લસ્ટર તરીકે ઉભરી આવશે, જે પ્રતિદિન ૧૫૦ ટ્રેનોનું કાર્યક્ષમ રીતે સંચાલન કરી શકશે. આથી યાત્રીઓની સુવિધા તથા સેવા ગુણવત્તામાં ઐતિહાસિક સુધારો લાવશે. સાથે સાથે અમદાવાદ મંડળ પર અનેક સ્ટેશનોના પુનર્વિકાસના કામો પણ ચાલી રહ્યા છે, જેના કારણે સ્ટેશનોની સંચાલન ક્ષમતા વધશે.

● અમદાવાદ સ્ટેશનનો પુનર્વિકાસ ઝડપી ગતિએ ચાલી રહ્યો છે. સ્ટેશન બિલ્ડિંગની સાઉથ વિંગનું કામ જૂન–જુલાઈ ૨૦૨૬ સુધી પૂર્ણ થવાની સંભાવના છે.

● સાબરમતી સ્ટેશનનો પુનર્વિકાસ પણ ઝડપી ગતિએ ચાલી રહ્યો છે અને તેનું કામ નવા વર્ષ ૨૦૨૬માં પૂર્ણ થશે

● ન્યૂ ભુજ રેલવે સ્ટેશનના અપગ્રેડેશનનું નું કામ ઝડપી ગતિએ પ્રગતિ પર છે. આ પ્રોજેક્ટની સ્વીકૃત કિંમત આશરે રૂ.૨૦૦ કરોડ છે અને અત્યાર સુધીમાં ૭૫% કરતાં વધુ કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. એપ્રિલ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે.

● અમદાવાદ મંડળ પર અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત અસારવા, મણિનગર, ચાંદલોડિયા, વટવા, કલોલ, સામાખ્યાલી, ધાંગધ્રા, ભચાઉ, ગાંધીધામ, સિદ્ધપુર, ઉંઝા, મહેસાણા, પાલનપુર, પાટણ, હિંમતનગર અને ભીલડી સ્ટેશનોના પુનર્વિકાસના કાર્યો ઝડપી ગતિએ ચાલી રહ્યા છે.

### એક્સ ગર્લફ્રેન્ડે લૂંટી લાઈમલાઈટ

## સલમાન ખાનની બર્થડે પાર્ટીમાં ક્રિકેટ-બોલિવૂડ સ્ટાર્સની મહેફિલ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

સલમાન ખાન આજે પોતાનો ૬૦મો જન્મદિવસ સેલિબ્રેટ કરી રહ્યો છે. ગત રાત્રે સુપરસ્ટારે પનવેલ સ્થિત પોતાના ફાર્મહાઉસમાં પોતાની બર્થડે પાર્ટી હોસ્ટ કરી હતી. સલમાન ખાનની ગ્રાન્ડ બર્થડે પાર્ટીમાં ક્રિકેટ-બોલિવૂડ સ્ટાર્સની મહેફિલ જામી હતી. હવે આ બર્થડે પાર્ટીની તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. સલમાન ખાને પોતાનો જન્મદિવસ મીડિયા સાથે પણ સેલિબ્રેટ કર્યો. સુપરસ્ટારે પોતાના પનવેલ ફાર્મહાઉસની બહાર આવીને મીડિયા સાથે એક મોટી કેક કાપી. આ દરમિયાન સલમાન બ્લેક ટીશર્ટ અને બ્લૂ ડેનિમમાં ક્લીનશેવ લુકમાં ખૂબ ડેશિંગ લાગી રહ્યો હતો.

સલમાનના માતા-પિતા સલીમ ખાન અને સલમા ખાન પણ આ ગ્રાન્ડ બર્થડે પાર્ટીમાં પહોંચ્યા હતા. તેની બહેન અર્પિતા ખાન શર્મા તેના પતિ આયુષ શર્મા અને બાળકો અહિલ અને આયત સાથે પાર્ટીમાં પહોંચી હતી. અરબાઝ ખાનનો પુત્ર અરહાન ખાન અને સોહેલ ખાનનો મોટો પુત્ર નિર્વાણ ખાન પણ ફાર્મહાઉસ પર પહોંચ્યો હતો. અરબાઝ ખાન અને તેની પત્ની શૂરા ખાન પણ તેની ન્યૂ બોર્ન બેબી ગર્લ સિપારા સાથે સલમાન ખાનની બર્થડે પાર્ટીમાં પહોંચ્યા હતા.

સલમાન ખાનના બર્થડે પર હંમેશા તેની એક્સ ગર્લફ્રેન્ડ સંગીતા બિજલાની એક્ટરને વિશ કરવા માટે પહોંચે છે. ગત રાત્રે પણ સંગીતા ખૂબ જ ગ્લેમરસ લુકમાં સલમાનની બર્થડે પાર્ટીમાં પહોંચી હતી. સંગીતાએ યલો કલરનું શિમરી આઉટફિટ પહેર્યું હતું, જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી હતી.

સલમાન ખાનની બર્થડે પાર્ટીમાં એસએસ ધોની પણ તેની પત્ની સાક્ષી સાથે પહોંચ્યો હતો. જેકી ભગનાની અને રકુલ પ્રીત સિંહ પણ બ્લેક આઉટફિટમાં ટ્વિનિંગ કરીને પહોંચ્યા હતા. તેઓ ખૂબ જ સુંદર લાગી રહ્યા હતા. સલમાન ખાનને ૬૦મા જન્મદિવસની શુભેચ્છા પાઠવવા માટે સંજય દત્ત પણ પહોંચ્યા હતો. તે બ્લેક ટી-શર્ટમાં ખૂબ જ ડેસિંગ લાગી રહ્યો હતો. સોનાક્ષી સિન્હાનો પતિ ઝહીર ખાન પણ ભાઈજાનને વિશ કરવા માટે પહોંચ્યો હતો. રિતેશ દેશમુખ અને જેનેલિયા ડિસુઝા પોતાના બંને પુત્રો સાથે સલમાન ખાનની બર્થડે પાર્ટીમાં સામેલ થઈ હતી.

સલમાન ખાન પોતાના જન્મદિવસ પર પોતાના ચાહકોને ખાસ ભેટ આપશે. વાસ્તવમાં ધ બેટલ ઓફ ગલવાનના નિર્માતાઓ ૨૭ ડિસેમ્બરે ફિલ્મનો ફર્સ્ટ લુક રિલીઝ કરશે. એક અહેવાલ પ્રમાણે સલમાન ખાન પોતાના જન્મદિવસ પર તેની આગામી ફિલ્મ ગલવાન સાથે સબંધિત એક મહત્વપૂર્ણ અપડેટ ચાહકોને આપશે. નિર્માતાઓ બપોરે ૨ થી ૪ વાગ્યાની વચ્ચે ફિલ્મની એક મુખ્ય ક્લિપ રિલીઝ કરશે. અપૂર્વ લાખિયા દ્વારા દિગ્દર્શિત ધ બેટલ ઓફ ગલવાનમાં ચિત્રાંગદા સિંહ પણ મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મની રિલીઝ ડેટ હજુ સુધી જાહેર કરવામાં નથી આવી.

## પુષ્પા-૨ ફિલ્મ નાસભાગ કેસમાં તેલંગાણા પોલીસે ૧૦૦ પેજની ચાર્જશીટ દાખલ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

સાઉથ સિનેમા ઈન્ડસ્ટ્રીનો સુપરસ્ટાર અલ્લુ અર્જુન મોટી મુસીબતમાં ફસાયો છે. પુષ્પા-૨ ફિલ્મ નાસભાગ કેસમાં તેલંગાણા પોલીસે ૧૦૦ પેજની ચાર્જશીટ દાખલ કરી છે. પોલીસે નમપલ્લી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી અલ્લુ અર્જુનને ૧૧ નંબરનો આરોપી બનાવ્યો છે. ચાર્જશીટમાં કુલ ૨૩ આરોપીઓને સામેલ કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે ગયા વર્ષે ડિસેમ્બરની ચોથી તારીખે પુષ્પા-૨ ફિલ્મની સ્ક્રીનિંગ દરમિયાન નાસભાગ મચી હતી. જેમાં એક મહિલાનું નિધન થયું હતું જ્યારે તેમનો ૮ વર્ષનો પુત્ર ઈજાગ્રસ્ત થયો હતો. જે બાદ પોલીસે ૧૩મી ડિસેમ્બરે અલ્લુ અર્જુનની ધરપકડ કરી હતી. તેલંગાણા હાઈકોર્ટે અલ્લુ અર્જુનને ૧૪ ડિસેમ્બરે, ૨૦૨૪ના રોજ જામીન આપ્યા હતા. જામીન બાદ પોલીસે અલ્લુ અર્જુનને બોલાવી પૂછપરછ પણ કરી હતી.

પોલીસે ચાર્જશીટમાં થિયેટર મેનેજમેન્ટને મુખ્ય આરોપી બનાવ્યા છે અને આરોપ લગાવ્યો છે કે ત્યાં પૂરતી વ્યવસ્થા કરવામાં આવી નહોતી. આ સિવાય અલ્લુ અર્જુન, તેના મેનેજર, બાઉન્સરને પણ આરોપી બનાવવામાં આવ્યા છે. પોલીસનો આરોપ છે કે તેમણે અલ્લુ અર્જુનના મેનેજરને સ્થિતિ કાબૂ બહાર જવાની સૂચના આપી હતી.

# ટર્મિનેટિંગ / ઓરિજિનેટિંગ ટ્રેનોની સુવિધા સાથે ઉત્રાણ સ્ટેશનનો કરવામાં આવી રહ્યો છે વિકાસ , ભારતીય રેલની આગામી ૫ વર્ષોમાં મુખ્ય શહેરોમાં રેલગાડીઓની સંચાલન ક્ષમતા બમણી કરવાની યોજના છે

યાત્રાની માંગમાં સતત થઈ રહેલા તીવ્ર વધારાને ધ્યાનમાં રાખીને, ભારતીય રેલવે દ્વારા આગામી ૫ વર્ષમાં મુખ્ય શહેરોની નવી રેલગાડીઓના સંચાલનની ક્ષમતાને વર્તમાન સ્તરથી બમણી કરવાની યોજના છે. આગામી વર્ષોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે વર્તમાન બુનિયાદી માળખાને મજબૂત બનાવવાની દિશામાં આ મહત્વપૂર્ણ પગલું છે. આ દિશામાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વડોદરા મંડળના પ્રતાપનગર સ્ટેશન પર બે નવા પ્લેટફોર્મનું નિર્માણ કરવામાં આવ્યું. ઉત્રાણ સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૩ અને ૪ ના વિસ્તરણ સાથે અમૃત ભારત સ્ટેશનના તમામ કર્યો પૂર્ણ કરી લેવામાં આવ્યા છે.

ટર્મિનેટિંગ / ઓરિજિનેટિંગ ટ્રેનની સુવિધા સાથે ઉત્રાણ સ્ટેશનનો વિકાસ પ્રસ્તાવિત છે, જેમાં નવા હાઈ લેવલ પ્લેટફોર્મનું નિર્માણ, ઉપદિશાના પ્લેટફોર્મના વિસ્તરણ અને અન્ય યાત્રી સુવિધાઓના કર્યો સામેલ છે.

વડોદરા મંડળ પર શોર્ટ ટર્મ એટલે કે આગામી બે વર્ષમાં રણોલી સ્ટેશન પર ૨ પિટ લાઈનો અને એક સ્ટેબ્લિંગ લાઈનનું નિર્માણ તથા ઉત્રાણ સ્ટેશન પર ૨ નવા પ્લેટફોર્મનું નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત, લોંગ ટર્મ એટલે કે ૩ થી ૫ વર્ષની યોજનામાં પ્રતાપનગર સ્ટેશન પર ૧ પિટ લાઈન અને ૧ સ્ટેબ્લિંગ લાઈનનું નિર્માણ પ્રસ્તાવિત છે.

આ ઉપરાંત, કોચિંગ ક્ષમતા વધારવા માટે પ્રતાપનગર અને ઉત્તરણમાં કોચિંગ ટર્મિનલ બનાવવામાં આવશે.

વર્ષ ૨૦૩૦ સુધી રેલગાડીઓની સંચાલન ક્ષમતાને બમણી કરવાના ઉદ્દેશ્યથી ભારતીય રેલવે દ્વારા માળખાકીય વિકાસના મહત્વપૂર્ણ કાર્યો કરવામાં આવી રહ્યા છે, જેમાં નીચેના કાર્યો સામેલ રહેશેઃ

i. વર્તમાન ટર્મિનલ્સને વધારાના પ્લેટફોર્મ, સ્ટેબ્લિંગ લાઈન, પિટ લાઈન અને પૂરતી શંટિંગ સુવિધાઓથી સજ્જ કરવા.

ii. શહેરી વિસ્તારમાં અને તેની આસપાસ નવા ટર્મિનલ્સની ઓળખ અને નિર્માણ કરવા.

iii. મેગા કોચિંગ કોમ્પ્લેક્સ સહિત જાળવણી સુવિધાઓ.

iv. વિવિધ સ્થળોએ રેલગાડીઓની વધતી સંખ્યાની વ્યવસ્થા કરવા માટે ટ્રાફિક સુવિધા કાર્યો, સિગ્નલિંગ અપગ્રેડેશન અને મલ્ટિટ્રેકિંગ દ્વારા વિભાગીય ક્ષમતામાં વધારો કરવો.

કેન્દ્રીય રેલ મંત્રી, માહિતી અને પ્રસારણ મંત્રી અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આ સંબંધમાં જણાવ્યું, "અમે યાત્રીઓની વધતી માંગને પૂર્ણ કરવા અને ભીડભાડ ઘટાડવા માટે વિવિધ શહેરોમાં કોચિંગ ટર્મિનલ્સનું વિસ્તરણ કરી રહ્યા છીએ અને વિભાગીય તથા પરિચાલન ક્ષમતાઓ વધારી રહ્યા છીએ. આ પગલાથી આપણા રેલવે નેટવર્કનો ઉન્નયન થશે અને રાષ્ટ્રવ્યાપી સંપર્ક સુવિધામાં સુધારો થશે."

### ભારતને દર્દભરી અપીલ-બોર્ડર ખોલો, અમને બચાવો

## તારિક રહેમાનની વાપસીએ બાંગ્લાદેશી હિન્દુઓનો ડર વધાર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

દીપુચંદ્ર દાસ અને અમૃત મંડલની નિર્દયતાથી મોબ લિંચિંગ બાદ હત્યાની ઘટનાઓએ બાંગ્લાદેશમાં રહેતા હિન્દુઓમાં ભય વધારી દીધો છે. દેશના વિવિધ ભાગોમાં રહેતા હિન્દુઓનું કહેવું છે કે તેઓ ઈસ્લામી ભીડની હિંસાના ઓછાયા હેઠળ જીવી રહ્યા છે અને હવે તેમની પાસે ભારત પાસે મદદ માટે ગુહાર લગાવ્યા સિવાય કોઈ રસ્તો બચ્યો નથી. એમા પણ બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી **(BNP)**ના નેતા તારિક રહેમાન બાંગ્લાદેશ પાછા ફરતા અને તેમન સમર્થનમાં ઘટી રહેલા રાજકીય ઘટનાક્રમમાં અલ્પસંખ્યકોની આશંકાઓને વધુ હવા આપી. તારિક રહેમાન આમ તો કટ્ટરપંથી વલણ માટે જાણીતા છે અને હિન્દુ સમુદાય તેમને પોતાના માટે જોખમ તરીકે જુએ છે.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના એક રિપોર્ટ મુજબ રંગપુર, ઢાકા, ચિત્તાગોંગ, અને મયમનસિંહમાં રહેતા હિન્દુઓમાં ડરનો માહોલ વધુ જોવા મળી રહ્યો છે. રંગપુરના ૫૨ વર્ષના એક હિન્દુ રહીશે અંગ્રેજી અખબારને કહ્યું કે અમે રોજ અમારા ધર્મને લઈને અપમાન સહન કરીએ છીએ. પરંતુ વિરોધ કરી શકતા નથી. રસ્તાઓ પર મળતા ટોળા ગમે ત્યારે ભીડને હિંસામાં બદલી શકે છે. અમને ડર છે કે ક્યાંક અમારો અંજામ પણ દીપુ કે અમૃત જેવો ન થાય. અમે ખરાબ રીતે ફસાયેલા છીએ અને અમારી પાસે જવા માટે કોઈ જગ્યા નથી.

તેમણે કહ્યું કે **BNP**ના સત્તામાં આવવાની આશંકા સૌથી મોટો ડર છે કારણ કે આ પાર્ટી અલ્પસંખ્યકો પ્રત્યે શત્રુતાપૂર્ણ વ્યવહાર માટે જાણીતી છે. તેમણે કહ્યું કે મે ભારત જવા ઈચ્છીએ છીએ, પરંતુ સરહદો પર કડક પહેરો છે. ઢાકામાં રહેતા એક અન્ય હિન્દુ નાગરિકે કહ્યું કે, દીપુદાસના લિંચિંગે પહેલેથી અમને ડરાવી દીધા હતા. હવે પૂર્વ પીએમ ખાલિદા જિયાના પુત્ર તારિક રહેમાનની વાપસીએ ચિંતા વધારી છે. જો બીએનપી સત્તામાં આવશે તો અમારા માટે હાલાત વધુ ખરાબ થઈ શકે છે. શેખ હસીનાની અવામી લીગ અમારી એકમાત્ર ઢાલ હતી. બાંગ્લાદેશના હિન્દુઓની આ પીડા ભારતના મહારાષ્ટ્ર અને છત્તીસગઢ સુધી મહેસૂસ થઈ રહી છે. મહારાષ્ટ્રના ગઢચિરોલી અને ચંદ્રપુર તથા છત્તીસગઢના પાંખાજૂર જેવા વિસ્તારોમાં પૂર્વ પાકિસ્તાન (અત્યારનું બાંગ્લાદેશ)થી આવેલા હિન્દુઓ વસેલા છે. નિખિલ બંગલા સમન્વય સમિતિના અધ્યક્ષ ડો. સુભોધ બિસ્વાસે કહ્યું કે હિન્દુ સંગઠનોએ હવે ફક્ત નિવેદનબાજી નહીં પરંતુ નક્કર પગલાં ભરવા પડશે. સંકટની ઘડીમાં બાંગ્લાદેશના હિન્દુઓ ફક્ત ભારત પર જ ભરોસો કરી શકે છે. લોકો મરી રહ્યા છે પરંતુ સરહદો બંધ છે. અમે સરહદ પર વિરોધ પ્રદર્શનની યોજના ઘડી રહ્યા છીએ.

મીડિયા રિપોર્ટ મુજબ સનાતન જાગરણ મંચના એક કાર્યકરે નામ ન છાપવાની શરતે કહ્યું કે, બાંગ્લાદેશમાં લગભગ ૨.૫ કરોડ હિન્દુઓ રહે છે. આ કોઈ નાની વસ્તી નથી. ભારતમાં હિન્દુ સંગઠન ફક્ત ઔપચારિકતા નિભાવી રહ્યા છે. અમે એક સંભવિત નરસંહાર તરફ આગળ વધી રહ્યા છીએ. મયમનસિંહના એક હિન્દુ રહીશે કહ્યું કે સરહદ ખોલવાનો અર્થ સામૂહિક પલાયન નથી, પરંતુ હિંસાથી બચવાનો એકમાત્ર વિકલ્પ હોવો જોઈએ. તેમણે કહ્યું કે, જો ભારતની સરહદો ખુલે તો કમ સે કમ અમને એ ભરોસો તો રહેશે કે જીવ બચાવવા માટેનો એક રસ્તો છે. ઢાકામાં રહેતા ૪૦ વર્ષના એક વ્યક્તિએ કહ્યું કે અમારા માટે રોજી રોટી પહેલી જરૂરિયાત છે. ભારત ભાગવાનો અર્થ અનિશ્ચિત ભવિષ્ય છે. જો તમે કોઈ હિન્દુ પ્રતિક પહેરી લો તો લોકો ત મને ભારતીય એજન્ટ કહેતા પણ ખચકાતા નથી.

## હિમાલયન-તિબેટ રેન્જમાં ભયાનક ભૂકંપનો ખતરો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતની ટેક્ટોનિક પ્લેટમાં ભેદી હિલચાલ થઈ રહી છે. પૃથ્વીનો ઉપરનો હિસ્સો ટેક્ટોનિક પ્લેટ કહેવાય છે. એ મેગ્મા નામના પદાર્થ પર તરે છે. મેગ્મા એવા પદાર્થને કહેવાય છે કે જે ખનીજ, ગેસ વગેરેથી બને છે અને તે મજબૂત મિશ્રણ હોય છે. જો કોઈ સ્થળે એનો ભરાવો થાય તો એ લાવાના રૂપમાં બહાર નીકળે છે. એ પદાર્થ મેગ્મા પર ગાઢ ટેક્ટોનિક પ્લેટ હોય છે અને તેમાં જો હિલચાલ થાય તો ભૂકંપ આવે છે. સામાન્ય રીતે ટેક્ટોનિક પ્લેટનું હલનચલન ખૂબ ઓછું હોય ત્યારે ભૂકંપની તીવ્રતા પણ નગણ્ય હોય છે, પરંતુ જો એમાં હિલચાલ વધે તો શક્તિશાળી ભૂકંપ ત્રાટકીને હાહાકાર મચાવે છે.સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના સિસ્મોલોજી વિભાગના સાઈમન ક્લેમ્પરર અને તેમની ટીમે ભારતની ટેક્ટોનિક પ્લેટનો અહેવાલ તૈયાર કરીને અમેરિકન જિયોફિઝિકલ યુનિયન સમક્ષ રજૂ કર્યો હતો. એમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે ભારતીય ટેક્ટોનિકમાં મોટી ઉથલપાથલ થઈ રહી હોવાથી હિમાલયન રેન્જ અને તિબેટ પર ભવિષ્યમાં મોટા ભૂકંપનો ખતરો છે. વૈજ્ઞાાનિકોએ નોંધ્યું કે ભારતની ટેક્ટોનિક પ્લેટ તિબેટની નીચે બે ભાગમાં વહેંચાઈ રહી છે. નીચલો મજબૂત હિસ્સો એક તરફ ખસી રહ્યો છે અને ઉપરનો હિસ્સો મેંટલમાં સરકી રહ્યો છે. મેન્ટલ એને કહેવાય છે જે પ્લેટની નીચેનો હિસ્સો હોય. ઉપરનો હિસ્સો થોડો હળવો હોવાથી એ આગળની બાજુ સરકે છે. તેનાથી ભવિષ્યમાં હિમાલય હજુ ઊંચો થશે, અથવા તો એકાએક નીચો થઈ જશે.

## હિન્દુ મંદિર માટે શરૂ થયેલું યુદ્ધ ૨૦ દિવસે સમાપ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)કંબોડિયા

એશિયામાં બે દેશો થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે સીઝ ફાયર(યુદ્ધ વિરામ)નું એલાન થતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. શનિવારે બંને દેશો તાત્કાલિક પ્રભાવથી યુદ્ધ વિરામ લાગુ કરવાના પર સહમતી આપી છે. આ જાણકારી બંને દેશોના રક્ષા મંત્રીઓ તરફથી જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં આપવામાં આવી છે. આ સીઝ ફાયર સ્થાનિક સમય પ્રમાણે ૨૭ ડિસેમ્બરના બપોરે ૧૨ વાગ્યા અમલમાં આવશે. કંબોડિયા તરફથી જાહેર કરાયેલા સ્પેશિયલ જનરલ બોર્ડર કમિટીના નિવેદન મુજબ, બંને પક્ષે આ નિર્ણય કર્યો છે કે તાત્કાલિક તમામ પ્રકારના હથિયારના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે. તેમાં નાગરિકો, ઘરો, સરકારી ઢાંચાઓ કે સેનાના કોઈ પણ ઠેકાણા પર હવે હુમાલા નહીં કરી શકાય, યુદ્ધ વિરામ તમામ વિસ્તારમાં દરેક સ્થિતિમાં લાગુ રહેશે. આ સીઝ ફાયર એવા સમયે થયું છે જ્યારે બંને દેશો વચ્ચે બોર્ડર પર ડિસેમ્બરના શરૂઆતથી જ ફરી એક વખત તંગ સ્થિતિ ઊભી થઈ હતી.

છેલ્લા ૨૦ દિવસથી થાઈ અને કંબોડિયાઈ સેનાઓ વચ્ચે ભીષણ સંઘર્ષ ચાલી રહ્યો હતો. જેમાં બંને દેશના મળીને લગભગ ૧૦૧થી પણ વધુ લોકો માર્યા ગયા હતા. જ્યારે બોર્ડર પર સ્થિત પાંચ લાખથી વધુ લોકો ઘર છોડવા મજબૂર થયા હતા. થાઈલેન્ડ અને કંબોડિયાએ સંયુક્ત નિવેદન જાહેર કરતાં કહ્યું છે કે બંને દેશની બોર્ડર પર હાલ જે સૈનિકો તહેનાત છે તે રાખશે પણ તેમાં કોઈ વધારો નહીં કરે, અથવા તો કોઈ સૈન્ય ગતિવિધિને લગતા ફેરફારો નહીં કરે, બંને પક્ષે તરફેણ કરી છે કે હવે સૈન્ય શક્તિમાં વધારો થશે તો સંઘર્ષ વધશે, જે લાંબા સમયગાળાના સમાધાનની કોશિશને નુકસાન પહોંચાડશે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ભાવનગર ડિવિઝન થઈને ચાલતી ૪ જોડી સ્પેશિયલ ટ્રેનોની ફ્રિક્વન્સી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી

યાત્રિયોની સુવિધા માટે, પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર રેલવે મંડળ થઈને ચાલતી ૪ જોડી સ્પેશિયલ ટ્રેનોની ફ્રીક્વન્સી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી વધારી દેવામાં આવી છે. ભાવનગર ડિવિઝનના સીનિયર ડીસીએમ શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ-

૧. ટ્રેન નંબર ૦૯૨૦૭/૦૯૨૦૮ બાંદ્રા ટર્મિનસ-ભાવનગર સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૨૦૭ બાંદ્રા ટર્મિનસ - ભાવનગર સ્પેશિયલ, જે અગાઉ ૨૬ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૨૦૮ ભાવનગર-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ, જે અગાઉ ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૯૨૧૧/૦૯૨૧૨ ગાંધીગ્રામ – બોટાદ દૈનિક સ્પેશિયલ ચઅનરિઝર્વ્ડ

ટ્રેન નંબર ૦૯૨૧૧ ગાંધીગ્રામ - બોટાદ સ્પેશિયલ જે અગાઉ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તે હવે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૨૧૨ બોટાદ-ગાંધીગ્રામ સ્પેશિયલ, જે અગાઉ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તે હવે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

૩. ટ્રેન નંબર ૦૯૨૧૬/૦૯૨૧૫ ભાવનગર-ગાંધીગ્રામ દૈનિક સ્પેશિયલ ચઅનરિઝર્વ્ડ

ટ્રેન નંબર ૦૯૨૧૬ ભાવનગર-ગાંધીગ્રામ સ્પેશિયલ, જે અગાઉ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૨૧૫ ગાંધીગ્રામ-ભાવનગર સ્પેશિયલ, જે અગાઉ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તે હવે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

૪. ટ્રેન નંબર ૦૯૫૩૦/૦૯૫૨૯ ભાવનગર-ધોલા દૈનિક સ્પેશિયલ ચઅનરિઝર્વ્ડ

ટ્રેન નંબર ૦૯૫૩૦ ભાવનગર-ધોલા સ્પેશિયલ જે અગાઉ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૨૮ ફરવરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૫૨૯ ધોલા-ભાવનગર સ્પેશિયલ જે અગાઉ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

ધ્યાન આપવા જેવી બાબત છે કે ભાવનગર ટર્મિનસ સ્ટેશન પર પીટ લાઈનની મરામત માટે ચાલી રહેલા કામને કારણે ધોળા–ભાવનગર–ધોળા દૈનિક સ્પેશિયલ ટ્રેન ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી રદ રાખવામાં આવી છે. આ કામ પૂર્ણ થયા બાદ આ ટ્રેનને ૨૬ જાન્યુઆરીથી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી વિસ્તૃત કરવામાં આવી છે.

# ખાડા રાજથી ત્રસ્ત બનાસકાંઠાની જનતા સાથે ધરણા પર બેઠેલા ધારાસભ્ય અમરતજી ઠાકોરની અટકાયત

પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાંથી થરા શહેરને જોડતા બંને બાજુના સર્વિસ રોડની અત્યંત બિસ્માર હાલતને લઈને આજે શનિવારે ભારે હોબાળો મચ્યો હતો. હાઈવે પર પડી ગયેલા મસમોટા ખાડાઓને કારણે વાહન ચાલકો અને સ્થાનિક વેપારીઓ ત્રસ્ત થઈ ગયા હોવાથી કાંકરેજના ધારાસભ્ય અમરતજી ઠાકોરે આજે શનિવારે ભલગામ ટોલ પ્લાઝા પર ભારે વિરોધ પ્રદર્શન અને ધરણાંનુ આયોજન કર્યુ હતું. ત્યારે આંદોલન ઉગ્ર બને તે પહેલા જ પોલીસે ધારાસભ્ય સહિત તેમના સમર્થકોની અટકાયત કરી લીધી હતી.




બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાંથી પસાર થતા ડીસા રાધનપુર હાઈવે અને થરા ના સર્વિસ રોડ પર લાંબા સમયથી ખાડાઓનુ સામ્રાજય ફેલાયેલુ છે. આ બાબતે વારંવાર રજુઆતો કરવા છતાં હાઈવે ઓથોરીટી દ્વારા કોઈ નકકર કામગીરી કરવામાં ન આવતા ધારાસભ્ય અમરતજી ઠાકોરને સાથે રાખીને સ્થાનિક લોકોએ આ આંદોલનનો રસ્તો અપનાવ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ આ થરા સર્વિસ રોડ પર એટલા મોટા ખાડા પડયા છે કે રોજબરોજ અકસ્માતોનો ભય રહે છે અને વાહનોને ભારે નુકશાન પહોચી રહ્યુ છે. આ મામલે ધારાસભ્ય અમરતજી ઠાકોરે અગાઉથી જ ચેતવણી આપી હતી કે જો ૨૭ ડીસેમ્બર સુધી રોડ રસ્તાઓનુ રીપેરીંગ કરવામાં નહી આવે તો તેઓ જન આંદોલન કરશે. ત્યારે આ જાહેરાત અનુસાર ધારાસભ્ય પોતે આજે આંદોલન માટે ભારે સમર્થકો સાથે આવી પહોચ્યા હતા, આજે નકકી કર્યા મુજબ ધારાસભ્ય અમરતજી ઠાકોર મોટી સંખ્યામાં સમર્થકો સાથે ભલગામ ટોલ પ્લાઝા પર પહોચ્યા હતા અને હાઈવે ઓથોરીટી વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરી ધરણા પર બેસી ગયા હતા. જો કે ટોલપ્લાઝા પર વાહનોની અવર જવર ખોરવાય નહી અને કાયદો વ્યવસ્થા જળવાય તે માટે પોલીસે તાત્કાલીક ધારાસભ્ય અમરતજી ઠાકોર અને કાંકરેજ તાલુકા કોંગ્રેસ પ્રમુખ સહિતના અગ્રણીઓની અટકાયત કરી હતી.

અટકાયત સમયે ધારાસભ્યએ જણાવ્યુ હતુ કે સંકલન સમિતિની બેઠકમાં વારંવાર મુદ્દાઓ ઉઠાવવા છતાં તંત્ર ઘોર નિંદ્રામાં છે. પ્રજા જયારે ટેક્ષ ભરે છે ત્યારે તેમને સારા રોડ રસ્તા મળવા જ જોઈએ, જેથી તેમના સમર્થનમાં અમે આજે આ રસ્તો અપનાવ્યો હતો. ત્યારે બહેરા મુંગાનુ ઢાંગ કરતા નેશનલ હાઈવે વિભાગને પોલીસ બચાવી રહી છે.

કુંભકર્ણની નિંદ્રામાં સુતેલા આ નેશનલ હાઈવે વિભાગને અમે જગાડવાનો પ્રયાસ કર્યો ત્યારે સરકાર તેની સામે એકશન લેવાને બદલે પોલીસને આગળ કરી અમારી અટકાયત કરી રહી છે. જો કે જયાં સુધી રોડ રસ્તાઓનુ રીપેરીંગ નહી થાય ત્યાં સુધી અમારો વિરોધ ચાલુ રહેશે. આમ ધારાસભ્ય અમરતજી ઠાકોરની આ અટકાયતના સમાચાર વાયુવેગે ફેલાતા કાંકરેજ અને આસપાસના વિસ્તારમાં રાજકીય વાતાવરણ ગરમાયુ હતું.

### ઓસ્ટ્રેલિયામાં ૧૪ વર્ષ અને ૧૮ મેચ બાદ સફળતા

# બોક્સિંગ ડે ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડની આખરે જીત

### ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી પાંચ મેચોની એશિઝ સીરિઝની ચોથી ટેસ્ટ મેચ ઈંગ્લેન્ડે ૪ વિકેટે જીતી

(સંપૂર્ણ સમાચાર સેવા)મેલબોર્ન

ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી પાંચ મેચોની એશિઝ સીરિઝની ચોથી ટેસ્ટ મેચ ઈંગ્લેન્ડે ૪ વિકેટે જીતી લીધી છે. આ સાથે જ ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયાની ધરતી પર લગભગ ૧૪ વર્ષ અને ૧૧ મહિના બાદ કોઈ ટેસ્ટ મેચ જીતી છે. જોકે, ઓસ્ટ્રેલિયા શરૂઆતની ત્રણ ટેસ્ટ જીતીને પહેલાથી જ સીરિઝ પર ૩-૦ની અજેય સરસાઈ મેળવી ચૂક્યું છે, પરંતુ આ જીત સાથે ઈંગ્લેન્ડે આખરે જીતનો સ્વાદ ચાખ્યો છે અને સીરિઝની સ્થિતિ હાલ ૩-૧ છે.



ઈંગ્લેન્ડ માટે આ જીત ઐતિહાસિક છે કારણ કે તેણે છેલ્લે જાન્યુઆરી ૨૦૧૧માં ઓસ્ટ્રેલિયામાં કોઈ ટેસ્ટ મેચ જીતી હતી. ત્યારથી લઈને અત્યાર સુધી ઓસ્ટ્રેલિયામાં રમાયેલી તમામ એશિઝ સીરિઝમાં ઈંગ્લેન્ડનો કારમો પરાજય થયો હતો. ૨૦૧૩/૧૪, ૨૦૧૭/૧૮ અને ૨૦૨૧/૨૨ની એશિઝ સીરિઝમાં ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને સજ્જડ હાર આપી હતી. આ જીત કેપ્ટન બેન સ્ટોક્સ અને પૂર્વ કેપ્ટન જો રૂટ માટે પણ ખાસ છે, કારણ કે આ બંને દિગ્ગજ ખેલાડીઓની ઓસ્ટ્રેલિયાની ધરતી પર આ પ્રથમ ટેસ્ટ જીત છે. મેલબોર્નમાં રમાયેલી આ બોક્સિંગ ડે ટેસ્ટ મેચ માત્ર બે દિવસમાં જ સમાપ્ત થઈ ગઈ, જેમાં બોલરોનો દબદબો રહ્યો. ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમ ૪૫.૨ ઓવરમાં માત્ર ૧૫૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. તેમના માટે માઈકલ નેસરે સૌથી વધુ ૩૫ રન બનાવ્યા, જ્યારે ઉસ્માન ખ્વાજાએ ૨૯ રનનું યોગદાન આપ્યું. ઈંગ્લેન્ડ તરફથી જોશ ટંગે ઘાતક બોલિંગ કરતા ૫ વિકેટ ઝડપી હતી. ઓસ્ટ્રેલિયાના ૧૫૨ રનના જવાબમાં ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગ્સ પણ ૧૧૦ રનમાં સમેટાઈ ગઈ, જેના કારણે ઓસ્ટ્રેલિયાને ૪૨ રનની મહત્વની લીડ મળી.

ઈંગ્લેન્ડ તરફથી હેરી બ્રુકે ૪૧ અને ગસ એટકિન્સને ૨૮ રન બનાવ્યા, પરંતુ ૮ બેટ્સમેન ડબલ ડિઝીટનો આંકડો પણ પાર કરી શક્યા નહીં. ઓસ્ટ્રેલિયા તરફથી માઈકલ નેસરે ૪ અને સ્કોટ બોલેન્ડે ૩ વિકેટ લીધી. ૪૨ રનની લીડ સાથે બીજી ઈનિંગ્સમાં ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમ ફરી એકવાર લથડી અને ૩૪.૩ ઓવરમાં ૧૩૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ.

ટ્રેવિસ હેડે સૌથી વધુ ૪૬ રન બનાવ્યા, જ્યારે ૮ બેટ્સમેન ડબલ ડિઝીટના આંકડા સુધી પહોંચી શક્યા નહીં. ઈંગ્લેન્ડ તરફથી બ્રાઈડન કાર્સએ ૪ અને કેપ્ટન સ્ટોક્સે ૩ વિકેટ ઝડપી. જીત માટે ૧૭૫ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમે ૬ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું. તેમના માટે જેકબ બેથેલે ૪૦, જેક ક્રાઉલીએ ૩૭ અને બેન ડકેટે ૩૪ રનનું મહત્વનું યોગદાન આપ્યું. અંતે, હેરી બ્રુક (૧૮*) અને જેમી સ્મિથે (૩*) અણનમ રહીને ટીમને જીત અપાવી.

# બાંગ્લાદેશમાં હિન્દુ યુવાનની હત્યાના ગુજરાતમાં પડયા પડઘા : અમદાવાદના ઘાટલોડીયામાં બજરંગદળનુ ભારે વિરોધ પ્રદર્શન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

બાંગ્લાદેશમાં બનેલી ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો દેશ અને રાજયમાં પડયા છે. જેના પગલે ગુજરાતમાં પણ બજરંગદળ દ્વારા આક્રોશ વ્યકત કરવામાં આવી રહ્યો છે. બાંગ્લાદેશમાં લઘુમતિ હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારોના વિરોધમાં અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારમાં બજરંગદળ દ્વારા ઉગ્ર પ્રદર્શન કરાયુ હતું. આ વિરોધ પ્રદર્શનમાં બજરંગદળના કાર્યકરો દ્વારા ઠેર ઠેર પોસ્ટર લગાડીને વિરોધ કરવામાં આવ્યો હતો. બાંગ્લાદેશમાં હિન્દુ યુવાનની નિર્મમ હત્યાના વિરોધમાં અમદાવાદના ઘાટલોડીયામાં આવેલા પ્રભાતચોક ખાતે બજરંગદળના કાર્યકરોએ બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતી હિંસાને લઈને ભારે પોસ્ટર લગાવ્યા હતા. તેમજ વિરોધ પ્રદર્શન દરમિયાન બજરંગદળે કડક શબ્દોમાં ધમકી આપી હતી કે ભારતમાં રહેતા બાંગ્લાદેશી મુસ્લીમો તાત્કાલીક દેશ છોડી દે, અન્યથા તેઓએ ગંભીર પરીણામ ભોગવવા પડશે, આવી ચેતવણી પોસ્ટર દ્વારા આપવામાં આવી છે. આ ઉપરાંત રોડ રસ્તામાં બાંગ્લાદેશના ધ્વજને રોડ પર લગાવીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું. આમ બજરંગદળની આ ખુલ્લી ધમકી સાથે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે દેશમાં અને રાજયમાં વસતા બાંગ્લાદેશી લઘુમતિ સમુદાયના લોકો દેશ છોડીને જતા રહે નહીતર ભગાડીશુ અને શિવાજી મહારાજ અને મહારાણા પ્રતાપના ઈતિહાસની દોરવણીથી ધમકી આપી છે. હવે બજરંગદળ દ્વારા આપવામાં આવેલી આ ચીમકીથી અનેક તર્ક વિતર્ક સર્જાયા છે. એટલુ જ નહી પરંતુ ઘાટલોડીયામાં થયેલા આ વિરોધ પ્રદર્શન બાદ સ્થાનિકો પણ સતર્ક બની ગયા હતા. જયારે બાંગ્લાદેશના હિન્દુઓના રક્ષણ માટે ભારત સરકાર પુરતા પ્રયત્નો કરે અને લઘુમતિ સમાજના હિતોની રક્ષા કરવાવાળી સંસ્થાઓ પણ બાંગ્લાદેશના હિન્દુઓની રક્ષા માટે આગળ આવે એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. આમ બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પર થઈ રહેલા અત્યાચારોના ઘેરા પ્રત્યાઘાતો હાલ અમદાવાદ શહેર સહિત આખા ગુજરાતમાં પડી રહ્યા છે. ત્યારે હિન્દુ સમાજના સમર્થનમાં વિશ્વ હિન્દુ પરીષદ અને બજરંગદળ દ્વારા પથ પ્રદર્શન કરીને ભારે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યુ છે.



# પિતાને મગરથી બચાવનારા સાહસી દીકરાને રાષ્ટ્રીય બાલ પુરસ્કારઃ રાષ્ટ્રપતિના હસ્તે સન્માનિત

### તેણે સાહસની સાથે ચતુરાઈનો પણ પરિચય આપ્યો, તેણે લાકડીથી મગરને પહેલા મોંમાં અને પછી આંખોમાં ૧૨થી ૧૫ વાર માર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અજય રાજના સાહસને સલામ છે, જેણે પોતાના પિતાને મગરથી બચાવ્યા. તે જાણતો હતો કે મગર તેના કરતા ખૂબ શક્તિશાળી છે. ચંબલ નદીમાં મગર તેને અને તેના પિતાને આંખના પલકારામાં ગળી શકતો હતો. પરંતુ તેણે સાહસની સાથે ચતુરાઈનો પણ પરિચય આપ્યો. તેણે લાકડીથી મગરને પહેલા મોંમાં અને પછી બંને આંખોમાં ૧૨થી ૧૫ વાર માર્યો.



અજયના આ સાહસ માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શુક્રવારે નવી દિલ્હીમાં તેને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર-૨૦૨૫ (સાહસ શ્રેણી)થી સન્માનિત કર્યો. અજયને આ પુરસ્કાર ૨૫ જુલાઈના રોજ મગરના હુમલાથી પોતાના પિતાનો જીવ બચાવવા બદલ મળ્યો. આ પુરસ્કારમાં મેડલ, પ્રશસ્તિપત્ર અને એક લાખ રૂપિયા સામેલ છે. બીજી તરફ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અજયને પુરસ્કાર જીતવા બદલ અભિનંદન પાઠવ્યા. ઝરણાપુરા, બસૌની બાહનો રહેવાસી વીરભાન ઉર્ફે બન્ટુ ૨૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ બપોરે ૨:૦૦ વાગ્યે ચંબલ નદી કિનારે બકરીઓ ચરાવી રહ્યો હતો. તેનો ૧૦ વર્ષનો પુત્ર અજય રાજ પણ તેમની સાથે હતો.

વીરભાન પાણીની બોટલ ભરવા માટે નદીમાં ગયો. આ દરમિયાન એક મગરે વીરભાનનો જમણો પગ પકડી લીધો અને તેને ઊંડા પાણી તરફ ખેંચવા લાગ્યો. પિતાનો અવાજ સાંભળીને અજયરાજ લાકડી લઈને નદીમાં કૂદી પડ્યો. પહેલા તેણે લાકડીથી મગરના મોંમાં દસ વાર ફટકા માર્યા. પરંતુ જ્યારે મગરની પકડ ઢીલી ન પડી ત્યારે અજયે પોતાની ચતુરાઈ દેખાડી અને તેની આંખોને નિશાન બનાવીને પાંચ વાર માર માર્યો. આંખો પર થયેલા હુમલાથી મગર ગભરાઈ ગયો અને પગ છોડીને ભાગી ગયો.

અજયે પોતાના પિતાને ટેકો આપ્યો અને નદીમાંથી બહાર નીકળ્યા. અજયના આ સાહસની ખૂબ પ્રશંસા થઈ. જિલ્લા વહીવટીતંત્રએ ઓગસ્ટમાં અજયનું નામ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર માટે મોકલ્યું. પોર્ટલ પર ભરેલી અરજીની ચકાસણી કરવામાં આવી અને ત્યારબાદ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શુક્રવારે નવી દિલ્હીમાં આયોજિત કાર્યક્રમમાં અજય રાજનું સન્માન કર્યું. અજયના સાહસની કહાની પણ સંભળાવવામાં આવી. અજયે જણાવ્યું કે, તે માત્ર પોતાના પિતાને બચાવવા માગતો હતો. પિતાને બચાવવા માટે જે કરી શકતો હતો તે બધું જ કર્યું. તેણે મગરની આંખમાં લાકડીઓ મારી. આંખમાં ઈજા થતાં મગર ભાગી ગયો.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અજયને સાહસિક કાર્ય માટે અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું કે, 'તેણે અદમ્ય સાહસ, બુદ્ધિ અને અદ્ભૂત ધીરજનું પ્રદર્શન કર્યું છે. સમગ્ર ઉત્તર પ્રદેશ રાજ્યને આ નાના યોદ્ધા પર ગર્વ છે. તેમનું સાહસ દેશભરના બાળકો માટે પ્રેરણા છે.' સીએમએ તેમને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પણ પાઠવી.

અજય રાજ કુંવરખેડા પ્રાથમિક શાળામાં ચોથા ધોરણનો વિદ્યાર્થી છે. અજયને પુરસ્કાર મળ્યા બાદ ગામમાં જશ્નનો માહોલ છે. પુરસ્કાર મળ્યા બાદ અજય અને વીરભાનને અભિનંદન આપવા માટે લોકો પહોંચી રહ્યા છે. અજયની માતા આરતી દેવીનું છ વર્ષ પહેલાં બીમારીને કારણે નિધન થઈ ગયુ હતું. અજયને એક મોટી બહેન કાજલ અને એક નાનો ભાઈ કુશાલ છે. ભાઈ-બહેનોને અજયના સાહસિક કાર્ય પર ગર્વ છે.

### બંને બેટ્સમેનોએ આ સિઝનમાં બે-બે મેચ રમી હતી

# રોહિત અને વિરાટે વિજય હજારે ટ્રોફીમાંથી લીધી વિદાય

### વિરાટ કોહલી અને રોહિત શર્મા હવે આવતા મહિને ન્યુઝીલેન્ડ સામેની ત્રણ મેચની ODI શ્રેણીમાં રમતા જોવા મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના બે દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી અને રોહિત શર્મા ૨૦૨૫-૨૬ વિજય હજારે ટ્રોફીમાં બે-બે મેચ રમી હતી અને અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું હતું. હવે બંનેએ વિજય હજારે ટ્રોફીમાંથી વિદાય લીધી છે. વિરાટ કોહલી અને રોહિત શર્મા શુક્રવારે બેંગલુરુ અને જયપુરથી જતા જોવા મળ્યા હતા. બંને બેટ્સમેનોએ પોતપોતાના વિજય હજારે ટ્રોફી ક્વોટામાં બે-બે મેચ રમી છે. વિરાટ કોહલી અને રોહિત શર્મા હવે આવતા મહિને ન્યુઝીલેન્ડ સામેની ત્રણ મેચની ODI શ્રેણીમાં રમતા જોવા મળશે. વિરાટ કોહલી અને રોહિત શર્માના અલગ-અલગ વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે, જેમાં તેઓ એરપોર્ટ પર દેખાઈ રહ્યા છે. ૧૫ વર્ષના વિરામ પછી વિરાટ કોહલી વિજય હજારે ટ્રોફી વન-ડે ટુર્નામેન્ટમાં દિલ્હી માટે રમ્યો અને તેના પ્રભાવશાળી પ્રદર્શનથી ચાહકોનું સંપૂર્ણ મનોરંજન કર્યું. શુક્રવારે બેંગલુરુમાં રમાયેલી વિજય હજારે ટ્રોફી મેચમાં દિલ્હી તરફથી રમતા વિરાટ કોહલીએ ગુજરાત સામે ૬૧ બોલમાં ૭૭ રન બનાવ્યા હતા. કોહલીએ અગાઉ ૨૪ ડિસેમ્બર, બુધવારના રોજ બેંગલુરુમાં રમાયેલી વિજય હજારે ટ્રોફી મેચમાં આંધ્રપ્રદેશ સામે સદી ફટકારી હતી. કોહલી હવે વિજય હજારે ટ્રોફીની આ સીઝનમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે. ભારતીય દિગ્ગજ ખેલાડીની એક ઝલક જોવા માટે ચાહકો બેંગલુરુ એરપોર્ટ પર પહોંચ્યા હતા. આ દરમિયાન વિજય હજારે ટ્રોફી સીઝનમાં રોહિત શર્માનું પ્રદર્શન પણ ખૂબ યાદગાર રહ્યું છે. ૨૪ ડિસેમ્બર, બુધવારના રોજ જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં સિક્કિમ સામે મુંબઈ તરફથી રમતા તેણે ૯૪ બોલમાં શાનદાર ૧૫૫ રન બનાવ્યા. રોહિત શર્માએ પોતાની આક્રમક બેટિંગથી દર્શકોને રોમાંચિત કર્યા અને મુંબઈને શાનદાર વિજય અપાવ્યો. જોકે, શુક્રવારે ઉત્તરાખંડ સામેની મેચમાં તે શૂન્ય રને આઉટ થયો હતો. જ્યારે રોહિત શર્મા જયપુર એરપોર્ટ પર જોવા મળ્યો, ત્યારે બધા તેને જોવા માટે ઉત્સુક હતા. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ૧૧ જાન્યુઆરીથી શરૂ થનારી ત્રણ મેચની વનડે આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી રમતા જોવા મળશે.



# T20Iમાં ૧૫૦ વિકેટ લેનાર પ્રથમ ભારતીય બોલર બની દીપ્તિ શર્મા

(સંપૂર્ણ સમાચાર સેવા)તિરુવનંતપુરમ

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે તિરુવનંતપુરમમાં રમાયેલી ત્રીજી T20I મેચમાં શ્રીલંકાની મહિલા ટીમને ૮ વિકેટથી હરાવી. હરમનપ્રીત કૌરે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો, જે નિર્ણયને ભારતીય બોલરોએ સાર્થ કરી બતાવ્યો. રેણુકા સિંહે ૪ વિકેટ અને દીપ્તિ શર્માએ ૩ વિકેટ લીધી. આ સાથે, દીપ્તિ શર્માએ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી, T20I માં ૧૫૦ વિકેટ લેનાર પ્રથમ ભારતીય બોલર બની. કોઈ પણ ભારતીય પુરુષ ક્રિકેટર આ સિદ્ધિ સુધી પહોંચ્યો નથી.

દિપ્તિ શર્માએ શ્રીલંકાની ઈનિંગ્સની પ્રથમ વિકેટ લીધી, જેમાં વિપક્ષી કેપ્ટન ચમારી અટાપટ્ટુને આઉટ કરી. ૧૨ બોલનો સામનો કરનાર અટાપટ્ટુ ફક્ત ૨ રન બનાવી શકી. ત્યારબાદ દીપ્તિ શર્માએ કવિશા દિલહારી (૨૦) ને આઉટ કરી, જે તેની ૧૫૦મી T20I વિકેટ હતી. તે T20I માં ૧૫૦ વિકેટ લેનાર પ્રથમ ભારતીય બોલર છે.

પુરુષોના ક્રિકેટમાં ભારત તરફથી સૌથી વધુ વિકેટ લેનાર બોલર અર્શદીપ સિંહે પણ ૧૧૦ ટી૨૦ વિકેટ લીધી છે. દીપ્તિ શર્માએ ત્રીજી ટી૨૦ મેચમાં માલશા શેહાનીને આઉટ કરીને ત્રીજી વિકેટ લીધી. તેણીએ તેના ચાર ઓવરના સ્પેલમાં ૪.૫૦ ના ઈકોનોમી રેટથી ફક્ત ૧૮ રન આપ્યા.

ત્રીજી ટી૨૦ મેચમાં, શ્રીલંકાની મહિલા ક્રિકેટ ટીમ પ્રથમ બેટિંગ કરતી વખતે ફક્ત ૧૧૨ રન જ બનાવી શકી. લક્ષ્યનો પીછો કરતી વખતે, શેફાલી વર્માએ ૭૯ રનની શાનદાર ઈનિંગ રમી. ૪૨ બોલની આ તોફાની ઈનિંગમાં શેફાલીએ ત્રણ છગ્ગા અને ૧૧ ચોગ્ગા ફટકાર્યા. સ્મૃતિ મંધાનાનું બેટ આજે ચાલ્યું નહીં, તે છ બોલમાં ફક્ત એક રન બનાવીને આઉટ થઈ. જેમિમાહ રોડ્રિગ્સે ૧૫ બોલમાં નવ રન બનાવ્યા, જ્યારે હરમનપ્રીત કૌર ૧૮ બોલમાં ૨૧ રન બનાવીને અણનમ રહી. ભારતીય મહિલા ટીમે મેચ ૮ વિકેટથી જીતી અને ૫ મેચની શ્રેણીમાં ૩-૦થી અજેય લીડ મેળવી. દીપ્તિ શર્માના આંતરરાષ્ટ્રીય રેકોર્ડમાં ભારત માટે ૫ ટેસ્ટ, ૧૨૧ ODI અને ૧૩૧ T20I મેચોમાં અનુક્રમે ૨૦, ૧૬૨ અને ૧૫૧ વિકેટ લેવાનો સમાવેશ થાય છે. ૨૮ વર્ષીય ઓલરાઉન્ડરે ભારતની વર્લ્ડ કપ જીતમાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી અને તેને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર કરવામાં આવી હતી.

# પિતરાઈ ભાઈએ દુષ્કર્મ આચર્યું, ગર્ભવતી ગોળી ખવડાવતા પીડિતાનું મોત થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)નોઈડા

ઉત્તર પ્રદેશના નોઈડાથી સંબંધોને લજવતો એક સંવેદનશીલ મામલો સામે આવ્યો છે. અહીં પિતરાઈ ભાઈ સાથે શારીરિક સબંધ બાંધ્યા બાદ ૧૮ વર્ષની છોકરી ગર્ભવતી થઇ ગઈ. ત્યારબાદ તેને ગર્ભપાતની ગોળીઓ પીવડાવી દીધી, જેના કારણે તબિયત ખરાબ થયા બાદ તેનું મૃત્યુ થઈ ગયું છે. દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં તેણે દમ તોડ્યો છે.

આ ઘટના અંગે સૂચના મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. યુવતીના પરિવારનો આરોપ છે કે, છોકરીને બળજબરીથી ગર્ભપાતની ગોળીઓ પીવડાવી હતી, જેના કારણે તેની હાલત વધુ ખરાબ થઈ ગઈ અને સારવાર દરમિયાન તેનું મોત થઈ ગયું. મૃતકના પિતાએ આરોપી વિરુદ્ધ કેસ દાખલ કરાવ્યો છે. પરિવારે પોલીસને કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, યુવતીના તેના પિતરાઈ ભાઈ સાથે શારીરિક સંબંધો હતા, ત્યારબાદ તે ગર્ભવતી થઈ હતી. આરોપ છે કે, તેના પિતરાઈ ભાઈએ પ્રેગ્નન્સી છુપાવવા માટે તેને ગર્ભપાતની ગોળીઓ પીવડાવી દીધી હતી. ગોળી પીધા બાદ યુવતીની તબિયત અચાનક બગડી ગઈ. આ દરમિયાન છોકરીના પરિવારે ૧૮ ડિસેમ્બરે તેને નોઈડાની એક હોસ્પિટલમાં દાખલ કરી હતી. ડોકટરોએ તેની ગંભીર હાલત જોતાં પ્રાથમિક સારવાર બાદ તેને દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં રિફર કરી હતી. ત્યાં ઘણા દિવસોની સારવાર છતાં ૨૩ ડિસેમ્બરે છોકરીનું મોત થઈ ગયું.

**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ કાર્ય**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008. ઇ-ટેન્ડર સૂચના નં. BCT/25-26/290 તા. 24/12/2025 ને આમંત્રણ આપે છે. કાર્ય અને સ્થાનઃ વિરાર-જોરાવાસન વિભાગઃ કરંબેલીઃ- ADEN/વલસાડના અધિકારક્ષેત્ર હેઠળ કરંબેલી ખાતે ગુડ્સ પ્લેટફોર્મ, એપ્રોચ રોડ, પ્લેટફોર્મ-1 ની પશ્ચિમ બાજુએ FOB નું વિસ્તરણ અને કલ્વર્ટ નં-267, 268 અને 269 નું વિસ્તરણ. કામની અંદાજિત કિંમતઃ રૂ. 17,61,35,627.21. EMD: રૂ. 10,30,700/-. સબમિશનની તારીખ અને સમયઃ તા. 20.01.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમયઃ તા. 20.01.2026 બપોરે 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0941

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**સ્ટોર્સ ડિપોના ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008. ઇ-ટેન્ડર સૂચના નં. BCT/25-26/291 તા. 24/12/2025 ને આમંત્રણ આપે છે. કાર્ય અને સ્થાનઃ મહાલક્ષ્મી (GSD) અને મુંબઈ સેન્ટ્રલઃ- સ્ટોર્સ ડેપોના માળખાગત સુવિધામાં સુધારો (સંયુક્ત ટેન્ડર). કામની અંદાજિત કિંમતઃ રૂ. 8,18,66,019.44. EMD: રૂ. 5,59,300/-. સબમિશનની તારીખ અને સમય : તા.20.01.2026 ના સુધી 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમયઃ તા. 20.01.2026 ના રોજ બપોરે 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0940

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# બરોડા ડેરીની ચુંટણી અગાઉ વડોદરાનુ રાજકારણ ગરમાયુ: દારૂબંધી મુદ્દે ભાજપના જ નેતા દિનુ મામા આવ્યા મેવાણીના સમર્થનમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરામાં બરોડા ડેરીની આગામી ચુંટણીને પગલે રાજકીય માહોલ ગરમાયો છે. આ દરમિયાન ભાજપના કદાવર નેતા અને પૂર્વ ધારાસભ્ય દિનુ મામા એ દારૂબંધી અને નશાના દુષણને લઈ આપેલા વિવાદાસ્પદ નિવેદને સત્તાધારી ભાજપ પક્ષ અને તંત્રની ઉંઘ ઉડાવી દીધી છે અને જાહેરમાં દિનુ મામા જિગ્નેશ મેવાણીના સમર્થનમાં આવ્યા છે. દિનુ મામાએ પોતાની જ સરકારની નીતિઓ અને પોલીસતંત્ર પર આકરા પ્રહારો કર્યા છે. પોલીસ કમાઈ છે, પીનારા દંડાય છે,




દિનુ મામાએ પોલીસ તંત્ર પર ગંભીર આક્ષેપ કરતા કહ્યુ હતુ કે દારૂના આ ગેરકાયદેસર વેપારમાં પોલીસ કમાઈ રહી છે અને દારૂ વેચનારાઓ માલામાલ થઈ રહ્યા છે. જયારે ગરીબ પીનારા લોકો દંડાઈ રહ્યા છે, તેમણે હરીયાણા અને મધ્યપ્રદેશનો દાખલો આપીને કહયુ કે ત્યાંનો દારૂ અહીં મોંઘી કિંમતે વેચાય છે અને તેના કારણે ગુજરાતનુ યુવાધન બરબાદ થઈ રહ્યુ છે.

દિનુ મામાએ ભારપૂર્વક જણાવ્યુ હતુ કે જો સરકાર યોગ્ય અમલ ન કરાવી શકિત હોય તો શંકરસિંહ વાઘેલા કહે છે તેમ દારૂની છુટ આપવી જોઈએ જેથી યુવાધન બરબાદ થતુ અટકે અને ભ્રષ્ટાચાર બંધ થાય. પોતાના બળવાખોર તેવર અંગે સ્પષ્ટતા કરતા દિનુ મામાએ જણાવ્યુ હતુ કે તેમને કોઈપણ પક્ષની ટીકીટ ની જરૂર નથી, તેમણે મકકમતાથી કહ્યુ મારે કોઈ ટીકીટ લેવી નથી, મારા પાદરા તાલુકાના મતદારો જિંદાબાદ છે અને તેમના માટે જ મેં આ સત્ય વાત કહી છે. ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા હાલમાં જન આક્રોશ રેલી કાઢવામાં આવી રહી છે અને આમ આદમી પાર્ટી પણ દારૂબંધીના કડક અમલ માટે અવાજ ઉઠાવી રહી છે. આ સ્થિતિમાં દિનુ મામાએ આશ્ચર્યજનક રીતે વિપક્ષના સુર પુરાવતા જણાવ્યુ હતુ કે હાલની સ્થિતિમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ જે દારૂબંધીની વાત કહી રહ્યા છે તેને હું સમર્થન આપુ છું.

રાજયમાં દારૂ અને ડ્રગ્સ જેવા ભયંકર નશા છુટ થી થઈ રહ્યા છે. તેમણે સવાલ પણ ઉઠાવ્યો હતો કે કયા ગામમાં દારૂના ધંધા નથી ચાલી રહ્યા ? રાજકીય નેતાઓના વિરોધની કોઈ અસર ન થતી હોવાનો સ્વીકાર કરતા તેમણે સાધુ સંતો અને ધર્મગુરૂઓને આહવાન કર્યુ હતુ કે તેમણે કહ્યુ કે હિન્દુ મુસ્લિમ તમામ ધર્મના વડાઓએ ભેગા મળીને સરકાર પર દબાણ લાવવુ જોઈએ, સાધુ સંતો ધારે તો આ મિશન પાર પાડી શકે છે. જો સરકાર ધર્મ ગુરૂઓની વાત ન સાંભળે તો સંતોમાં સરકાર બદલવાની પણ તાકાત છે.

# મિલ્કત દસ્તાવેજ નોંધણીમાં સાક્ષીની ફરજીયાત હાજરીનો નિયમ નાબુદ કરાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

મિલ્કત દસ્તાવેજ નોંધણી વધુને વધુ સરળ અને સંભવિત છેતરપીંડી સામે ફુલ પ્રૂફ બનાવવાના ભાગરૂપે રાજય સરકારે સાક્ષીઓની ફરજીયાત હાજરીની જોગવાઈ દુર કરી છે. દસ્તાવેજ કરનાર વ્યકિતનુ ઈ-કેવાયસી શકય બનવાના સંજોગોમાં નોંધણી વખતે સાક્ષીની ફરજીયાત હાજરીનો નિયમ રદ કરવામાં આવ્યા છે.



મહેસુલ વિભાગના સુત્રોએ જણાવ્યુ હતુ કે મિલ્કત વેચનાર વ્યકિતનુ આધારકાર્ડ વેરીફીકેશન થઈ જતુ હોય તો સાક્ષીની હાજરીની જરૂર રહેતી ન હોવાના હાઈકોર્ટના નિર્દેશને પગલે રાજય સરકાર દ્વારા મિલ્કત દસ્તાવેજી પ્રક્રિયામાં સુધારો કરવામાં આવ્યો છે અને તમામ સબ રજીસ્ટ્રારોને પરીપત્ર ઈસ્યુ કરવામાં આવ્યો છે.

ગુજરાત સરકારે દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયાને વધુ પારદર્શક, ઝડપી અને ભ્રષ્ટાચાર મુકત બનાવવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજયના ઈન્સ્પેકટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન દ્વારા જારી કરાયેલા નવા પરીપત્ર મુજબ હવે દસ્તાવેજ નોંધણી માટે આધાર આધારીત ઈ-કેવાયસી વ્યવસ્થા અમલમાં મુકવામાં આવી છે. આ નવી સિસ્ટમથી સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં વરસોથી ચાલી આવતી સાક્ષીઓની અનિવાર્યતાનો અંત આવશે. નવા પરીપત્ર અનુસાર જો દસ્તાવેજ કરી આપનાર વ્યકિતનુ આધારકાર્ડ કરવામાં આવતુ હોય ઈ-કેવાયસી સફળ થાય, તો નોંધણી અધિનિયમ, ૧૯૦૮ ની કલમ-૩૪ મુજબ તેની ઓળખ સત્તાવાર રીતે પ્રસ્થાપિત થયેલી માનવામાં આવશે. આવી સ્થિતિમાં જે તે વ્યકિતની ઓળખ આપવા માટે કોઈ ત્રાહિત સાક્ષી (ઓળખ આપનાર વ્યકિત) ને કચેરીમાં હાજર રાખવાની જરૂર રહેશે નહી, નોંધનીય છે કે અત્યાર સુધી દસ્તાવેજ કરતી વખતે સાક્ષી તરીકે જે તે વ્યકિતના ઓળખપત્રો, તેની વિડીયોગ્રાફી અને ચેકલીસ્ટના પ્રશ્નો પુછવાની લાંબી પ્રક્રિયા થતી હતી. જેમાંથી હવે મુકિત મળશે.

સરકારના આ નિર્ણય પાછળનુ મુખ્ય કારણ રજીસ્ટ્રાર કચેરીઓમાં સક્રિય દલાલો અને વ્યાવસાયીક સાક્ષીઓ પર રોક લગાવવાનુ કામ છે, ઘણીવાર દસ્તાવેજ નોંધણી વખતે ઓળખ આપવાના બહાને દલાલો બિનજરૂરી ભીડ કરતા હોય છે અને ભોળી જનતા પાસેથી નાણાં પડાવતા હોય છે, નવી સિસ્ટમથી સાક્ષીની હાજરી મરજીયાત થતા કચેરીઓમાં ભીડ ઘટશે અને પ્રક્રિયામાં માનવીય હસ્તક્ષેપ ઓછો થતા પારદર્શિતા વધશે.

નોંધનીય છે કે અગાઉ તંત્રએ દસ્તાવેજ નોંધણી વખતે વકીલો અને બોન્ડ રાઈટરોની હાજરીને લઈને પણ કડક વલણ અપનાવ્યુ હતું. તે સમયે વકીલોએ વિરોધ કરતા જણાવ્યુ હતુ કે પક્ષકારો કાયદાના જાણકાર ન હોવાથી વકીલોની હાજરી જરૂરી છે. અન્યથા છેતરપીંડીની શકયતા રહે છે. જો કે સરકારે ટેકનોલોજી પર વધુ ભરોસો મુકીને આ વિરોધને ગણકાર્યો ન હતો. નવા નિયમોથી દસ્તાવેજ નોંધણી ઝડપી અને સરળ બનશે. ઓળખ આપનાર સાક્ષી શોધવાની કે તેને કચેરીએ લાવવાની ઝંઝટમાંથી મુકિત મળશે. ટેકનોલોજી આધારીત ઓળખ હોવાથી બોગસ દસ્તાવેજ કે ઓળખ ચોરીના કિસ્સાઓ અટકશે. બાયોમેટ્રીક અને આધાર ડેટાના ઉપયોગથી ભવિષ્યમાં થતા કાનુની લીટીગેશનનુ પ્રમાણ ઘટશે, જો કે જો કોઈ કિસ્સામાં આધાર સર્વરની ખામીને કારણે ઈ-કેવાયસી નિષ્ફળ જાય તો પક્ષકારે ફરજીયાતપણે જુની પધ્ધતિ મુજબ સાક્ષીઓ અને દસ્તાવેજોની ચકાસણી કરાવવી પડશે.

### રાજયના તમામ પોલીસ કમિશ્નરો અને જિલ્લા વડાઓએ રોજે રોજ તપાસનો રીપોર્ટ કોર્ટમાં રજુ કરવો પડશે

# ચાઈનીઝ દોરી અને તુકકલ સામે ગુજરાત હાઈકોર્ટની લાલ આંખ: પોલીસને આપ્યા કડક આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે આગામી ઉત્તરાયણપર્વને ધ્યાનમાં રાખીને પ્રતિબંધિત પતંગ દોરીઓના વેચાણ, ઉત્પાદન અને સંગ્રહ સામે કડક અમલવારીના આદેશ આપ્યા છે. આવી વસ્તુઓના કારણે લોકોના જીવને જોખમ ઉભુ થતુ હોવાથી હાઈકોર્ટે રાજયભરની પોલીસને સ્પષ્ટ અને કડક આદેશો



આપ્યા છે. હાઈકોર્ટે રાજયના તમામ જિલ્લાના પોલીસવડાઓને જાહેર નિર્દેશ આપીને કહ્યુ છે કે પ્રતિબંધિત વસ્તુઓનુ વેચાણ, સંગ્રહ અથવા ઉપયોગ કરનાર સામે તાત્કાલીક અને કડક કાર્યવાહી કરવામાં આવે, સાથે સાથે આવી કાર્યવાહી અંગે રોજીંદો એટલે કે ડે ટુ ડે રીપોર્ટ કોર્ટમાં રજુ કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. સરકારે ઉત્તરાયણ માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. જેમાં માત્ર સુરક્ષિત દોરીઓના વેચાણની મંજુરી છે. કોર્ટે દરેક જિલ્લા પોલીસ અધિક્ષકો અને સંબંધિત અધિકારીઓને દૈનિક રીપોર્ટ સબમીટ કરવાના નિર્દેશ આપ્યા છે. આ આદેશથી માનવ જીવન, પક્ષીઓ અને પ્રાણીઓની સુરક્ષા સુનિશ્ચિત થશે. કારણ કે આવી દોરીઓથી અકસ્માતો અને ઈજાઓ વધે છે. ઉત્તરાયણનો આનંદ માણતી વખતે નાગરીકોએ પણ આ નિયમોનુ પાલન કરવુ જરૂરી છે.

# મહિસાગર જિલ્લાના કડાણામાં ૧૪ વરસની બાળકી પર પાડોશી આધેડનુ દુષ્કર્મ: માતાની દવા અપાવવાના બહાને ખેતરમાં લઈ જઈ ગુજાર્યુ દુષ્કર્મ

પ્રતિનિધિ,ગાંધીનગર

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના એક ગામમાં રહેતી ૧૪ વરસની સગીરા પર તેના જ પાડોશમાં રહેતા એક આધેડે દુષ્કર્મ ગુજાર્યુ હોવાની ચકચારી ઘટના બહાર આવી છે. વિશ્વાસઘાત અને હેવાનીયતની આ ઘટનાએ સ્થાનિક રહિશોમાં ભારે આક્રોશ જન્માવ્યો છે.




મળતી માહિતી અનુસાર નરાધમ આધેડે બાળકીને વિશ્વાસમાં લેવા માટે તેની માતાની બિમારીનો સહારો લીધો હતો. તેણે બાળકીને લાલચ આપી હતી કે તે તેની માતા માટે દવા લેવા જઈ રહ્યો છે અને તેને સાથે આવવા જણાવ્યુ હતું. માસુમ બાળકી પાડોશીના મલીન ઈરાદાઓથી અજાણ હોવાથી તેની સાથે જવા તૈયાર થઈ ગઈ હતી. જો કે આધેડ તેને દવાખાને લઈ જવાને બદલે સીમમાં આવેલ એકાંત ખેતરમાં લઈ ગયો હતો. ખેતરમાં લઈ ગયા બાદ નરાધમે બાળકી પર દુષ્કર્મ ગુજાર્યુ હતું. આધેડની હેવાનીયત એટલે હદે વધી ગઈ હતી કે તેણે બાળકીના શરીરના વિવિધ ભાગો પર બચકા ભરીને તેને ગંભીર ઈજાઓ પહોચાડી હતી. આ ક્રૂરતાને કારણે બાળકી શારીરિક અને માનસિક રીતે અત્યંત આઘાતમાં સરી પડી હતી. આ સમગ્ર મામલે બાળકીના પરીવારજનોને જાણ થતા તુરંત પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. કડાણા પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ગુન્હો નોંધી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે બાળકીનુ મેડીકલ ચેક અપ કરાવવાની સાથે સાથે આરોપી આધેડને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# સુરતમાં ફરજ દરમિયાન પોલીસ કર્મચારીનું હાર્ટ એટેકથી નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરમાં ફરજ દરમિયાન હાર્ટ એટેક આવવાથી પોલીસ કર્મચારીનું મોત થયું છે. સુરતના મરીન પોલીસ મથકમાં PSO તરીકે ફરજ બજાવતા સુખદેવ વસાવાનું હાર્ટ એટેકથી નિધન થયું છે. પોલીસકર્મીના નિધનથી પોલીસ વિભાગમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. સુરતમાં મરીન પોલીસ મથકમાં PSO તરીકે કાર્યરત સુખદેવ વસાવા અચાનક બેભાન થઈ ઢળી પડ્યા હતા. સાથે પોલીસ કર્મચારીઓ તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લાવ્યા હતા. પરંતુ સારવાર મળે તે પહેલા સુખદેવ વસાવાનું દુખદ નિધન થયું છે.

# હવે સુરતની સિંગરે તબલા ઉસ્તાદ સાથે પ્રેમ લગ્ન કરતા વિવાદનો વંટોળ: આરતી સાંગાણીએ વિરોધીઓને પુછયુ શું પ્રેમ કરવો કોઈ ગુન્હો છે ?

### પાટીદાર આરતી સાંગાણીએ તબલા ઉસ્તાદ સાથે પ્રેમ લગ્ન કર્યા: શું દિકરીને પોતાનો જીવનસાથી પસંદ કરવાનો કોઈ હક્ક નથી?

પ્રતિનિધિ,ગાંધીનગર

હાલના દિવસોમાં ગુજરાતી ગરબા કિવન કિંજલ દવે એ આંતરજ્ઞાતિય યુવક ધ્રૃવિન શાહ નામના યુવક સાથે સગાઈ કરતા બ્રહ્મ સમાજે તેમના પરીવારનો બહિષ્કાર કર્યો છે. એવામાં હવે સુરતની ગાયીકાએ પ્રેમલગ્ન કરતા પાટીદાર સમાજમાં ઉહાપોહ મચી ગયો છે. આ મામલે ખુદ સિંગરે સોશીયલ મીડીયામાં વિડીયો મુકીને પોતાનો વિરોધ કરી રહેલા લોકો પર જ સવાલ ઉઠાવ્યા છે. હકીકતમાં પાટીદાર સમાજમાંથી આવતી સુરતની જાણીતી સિંગર આરતી સાંગાણીએ તબલા ઉસ્તાદ દેવાંગ ગોહિલ નામના યુવક સાથે પ્રેમલગ્ન કર્યા છે. આરતીએ બીજા સમાજના યુવક સાથે લગ્ન કરતા કેટલાક પાટીદાર સમાજના આગેવાનોએ નારાજગી વ્યકત કરી છે. જેને લઈને



આરતી સાંગાણી ખુદ સામે આવી છે અને તેણે સોશીયલ મીડીયામાં વિડીયો મુકીને પોતાના વિરોધીઓને જવાબ આપ્યો છે. આરતી સાંગાણીએ પોતાના પતિ દેવાંગ ગોહિલની સાથે એક વિડીયો પોતાના સોશીયલ મીડીયા પ્લેટફોર્મમાં પોસ્ટ કર્યો છે. જેમાં આરતી સાંગાણી કહી રહી છે કે અમે બંને એક બીજાને સારી રીતે સમજીએ છીએ, હું અને દેવાંગ એક બીજાને ખુબ જ પ્રેમ કરીએ છીએ, શું પ્રેમ કરવો કોઈ ગુન્હો છે ? મારે પાટીદાર સમાજના અગ્રણીઓ ખાસ કરીને આજની યુવા પેઢીઓને કહેવુ છે કે તમે બેટી બચાવો અને બેટી પઢાવો ના નારા લગાવો છો, તો શું એક દિકરીને પોતાનો જીવનસાથી પસંદ કરવાનો કોઈ અધિકાર નથી , મારી ગાયીકા તરીકેની સફરમાં મને અઢારેવર્ણનો સાથ મળ્યો છે, હવે જો મારા આ પગલાથી કોઈની લાગણી દુભાઈ હોય તો હું દિલથી માફી માંગુ છુ, અમારી આ આઝાદી અને જીવવાના અધિકારને આપ સૌ સમજશો, આરતી સાંગાણીએ અન્ય સમાજના યુવક સાથે પ્રેમલગ્ન કર્યા છે. જેને લઈને છેલ્લા કેટલાક દિવસોથી સોશીયલ મીડીયામાં કોમેન્ટો કરીને તેના આ પગલાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ સમાજ માટે પણ ચિંતાનો વિષયો છે. માત્ર પાટીદાર જ નહી અન્ય સમાજના આગેવાનો પણ લગ્નની નોંધણીના કાયદામાં સુધારો કરવા માટે સરકારને રજુઆત કરી ચુકયા છે. આરતી એ પ્રેમલગ્ન કર્યા તેનાથી તેના પરીવારના સભ્યો ખુબ જ દુ:ખી છે, આથી સમાજને પણ ચિંતા થાય તે સ્વભાવિક છે. મારે આરતીને એટલુ જ કહેવુ છે કે જયારે એક સિંગર તરીકે આખી રાત ઘરની બહાર રહીને કાર્યક્રમો કરો છો, માતા પિતાએ તમને સ્વતંત્રતા આપી છે, ત્યારે તેનો દુરુપયોગ કર્યો છે. આ ઘટનાના કારણે અન્ય દિકરીઓની સ્વતંત્રતા પર પણ કાપ મુકાઈ શકે છે.

# સુરત ટેક્ષટાઈલ માર્કેટને બાંગ્લાદેશનુ લાગ્યુ ગ્રહણ: ૧ હજાર કરોડનો વેપાર બંધ

પ્રતિનિધિ,ગાંધીનગર

ટેક્ષટાઈલ સીટી સુરતના વેપારીઓએ બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચાર અને હિન્દુ સંસ્કૃતિના અપમાન સામે લાલ આંખ કરી છે.



સુરતના કાપડ ઉદ્યોગની અગ્રણી સંસ્થા ફોસ્ટા (ફેડરેશન ઓફ સુરત ટેક્ષટાઈલ ટ્રેડર્સ એસોસીએશન) દ્વારા બાંગ્લાદેશ સાથેના તમામ વેપારી સંબંધો તોડી નાખવાનુ અને સંપુર્ણ બહિષ્કાર કરવાનુ એલાન આપ્યુ છે. સુરતમાંથી બાંગ્લાદેશ સાથે દર વરસે અંદાજે રૂપીયા ૧ હજાર કરોડથી વધુનો વેપાર થાય છે.

હાલની સ્થિતિમાં સુરતના વેપારીઓના અંદાજે રૂપીયા ૧૦૦ કરોડથી વધુનુ પેમેન્ટ બાંગ્લાદેશમાં અટવાયેલુ છે, આમ છતાં વેપારીઓએ આર્થિક નુકશાનની પરવાહ કર્યા વગર દેશ અને ધર્મને પ્રાધાન્ય આપીને નવા ઓર્ડર લેવાનુ બંધ કર્યુ છે અને જુના સપ્લાય પણ અટકાવી દીધા છે. સુરતની ૨૪૦ ટેક્ષટાઈલ માર્કેટ અને ૧૭ હજાર થી વધુ વેપારીઓ આ અભિયાનમાં જોડાયા છે. ફોસ્ટા દ્વારા તમામ વેપારીઓને નવા ઓર્ડર ન લેવા અને બાંગ્લાદેશ તરફ જતો માલ અટકાવી દેવા કડક સુચના અપાઈ છે. સુરતના આ નિર્ણયથી બાંગ્લાદેશના ગારમેન્ટ મેન્યુફેકચરીંગ સેકટરને કાચા માલ (ફેબ્રિકસ) ની મોટી તંગી સર્જાવવાની શકયતા છે. વેપારીઓએ એક સુરે જણાવ્યુ છે કે જયાં સુધી બાંગ્લાદેશમાં હિન્દુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં નહી આવે અને સંસ્કૃતિનુ અપમાન બંધ નહી થાય ત્યાં સુધી આ બહિષ્કાર ચાલુ રહેશે, વેપારીઓનો આ આક્રોશ દર્શાવે છે કે સામાજિક ગરીમા અને રાષ્ટ્રહિત સામે કરોડોનો વેપાર ગૌણ છે.

# ગુજરાતના નવા ડીજીપી કોણ? વિકાસ સહાયને એકસટેન્શન મળશે કે નવા ચહેરાની પસંદગી?

### વિકાસ સહાયને ફરી એકસટેન્શન મળવાની શકયતા નહીવત : દિલ્હી મોકલાયેલી પેનલમાં ડો.કે.લક્ષ્મી નારાયણ રાવ, જ્ઞાનેન્દ્રસિંહ મલીક, ડો. નિરજા ગોટરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પોલીસબેડામાં હાલ સૌથી વધુ ચર્ચાનો વિષય એક જ છે. રાજયના નવા પોલીસવડા કોણ બનશે ? વર્તમાન ડીજીપી વિકાસ સહાયની એકસટેન્શનની મુદત ૩૧ ડીસેમ્બરે પૂર્ણ થઈ રહી છે. ત્યારે નવા ડીજીપીની નિમણુંકને લઈને સચિવાલય અને પોલીસ આલમમાં અટકળો તેજ બની છે. સુત્રોના જણાવ્યા અનુસાર તારીખ ૨૯ અથવા ૩૦ ડીસેમ્બર સુધીમાં રાજયને નવા પોલીસવડા મળી શકે છે.

વર્તમાન ડીજીપી વિકાસ સહાયને નિવૃત્તિ બાદ ૬ મહિનાનુ એકસટેન્શન આપવામાં આવ્યુ હતું. જેની મુદત આગામી ૩૧ મી ડીસેમ્બરે પુરી થાય છે. જાણવા મળેલી વિગત મુજબ આ વખતે સરકાર તેમને વધુ એકસટેન્શન આપવાના મુડમાં નથી. જો વિકાસ સહાયને એકસટેન્શન ન મળે તો નવા ડીજીપી તરીકે કોની પસંદગી થશે તે એક મોટો પ્રશ્ન છે. ગૃહ વિભાગ દ્વારા સીનીયોરીટીના આધારે ૩ આઈપીએસ અધિકારીઓની પેનલ કેન્દ્ર સરકારને મોકલવામાં આવી




હોવાની માહિતી મળી છે. જેમાં મુખ્યત્વે ૩ નામોની ચર્ચા છે. (૧) ડો. કે લક્ષ્મીનારાયણ રાવ (૨) જ્ઞાનેન્દ્રસિંહ મલીક (૩) ડો.નિરજા ગોટરૂ

જેમાં ડો. કે એલ એન રાવ ૧૯૯૩ બેચના છે. જેમનો જન્મ ૧૯૬૭ માં થયેલો છે. તેઓની નોકરીના આશરે બે વરસ બાકી છે. જયારે જી એસ મલીક ૧૯૯૪ ના બેચના છે. તેમનો જન્મ ૧૯૬૮ માં છે અને તેઓ ની આશરે ૩ વરસની ફરજો બાકી છે. જયારે ડો. નિરજા ગોટરૂ ૧૯૯૩ બેચના જેમનો જન્મ ૧૯૬૯ માં થયેલો છે તેઓ એમબીબીએસ, એમએ(મેરી ટાઈમ લો) ૪ વરસની ફરજો બાકી છે. સુત્રોના જણાવ્યા અનુસાર ડો. કે એલ એન રાવ નવા ડીજીપી બને તેવી શકયતા સૌથી વધુ છે. તેની પાછળના મુખ્ય કારણો છે ૧૯૯૩ બેચના અધિકારીઓમાં તેઓ સૌથી સીનીયર છે, જો કે સીનીયોરીટીમાં રજનીશ રાય બીજા નંબરે છે, પરંતુ તેઓ સસ્પેન્ડ હોવાથી તેમનુ નામ રેસમાં નથી. લાંબા સમય સુધી જેલ વિભાગમાં રહ્યા બાદ તાજેતરમાં જ તેમને સ્ટેટ ક્રાઈમ બ્રાન્ચમાં મુકવામાં આવ્યા છે. તેને સરકાર તરફથી અપાયેલો સંકેત માનવામાં આવી રહ્યો છે. સરકાર દ્વારા તેમના કામનુ સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યુ છે અને તેઓ કલીન ઈમેજ ધરાવતા શિસ્તબધ્ધ અધિકારી માનવામાં આવે છે.

જયારે અમદાવાદના પોલીસ કમિશ્નર જી એસ મલીક પણ મજબુત દાવેદાર છે. પરંતુ તેમની પાસે હજુ નિવૃત્તિના ૩ વરસ બાકી છે. તેવી જ રીતે ગુજરાત પોલીસ ભરતી બોર્ડના ચેરમેન ડો.નિરજા ગોટરૂ પાસે પણ ૪ વરસથી વધુનો સમય છે. જો સરકાર સીનીયોરીટીના ક્રમને જાળવી રાખશે તો ડો. કે એલ એન રાવ નુ નામ નિશ્ચિત માનવામાં આવે છે. હવે જોવાનુ એ રહેશે કે ૩૧ મી ડીસેમ્બર પહેલા રાજય સરકાર કયા અધિકાર પર પસંદગીનો કળશ ઢોળે છે.

# સુરેન્દ્રનગર જમીન કૌભાંડમાં ઈડી એ નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના સ્ટાફને પુછપરછ માટે સમન્સ પાઠવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગરમાં જમીન કૌભાંડના સંદર્ભમાં ઈડી એ નાયબ મામલતદાર ચંદ્રસિંહ ભુપતસિંહ મોરીના સ્ટાફને પુછપરછ માટે સમન્સ જારી કર્યા હોવાનુ બહાર આવ્યુ છે. ઈડી એ નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી પાસેથી મળેલા દસ્તાવેજોની તપાસ કરવા માટે તેમના સ્ટાફને સમન્સ પાઠવ્યા છે. આ દરમિયાન મોરીનો વહિવટ સંભાળતા સરકારી અધિકારીઓ અને ખાનગી વહિવટકર્તાઓ છુપાઈ ગયા છે. જયારે કેટલાકે કાનુની સલાહ લીધી છે. ઈડી દ્વારા જપ્ત કરાયેલ ડાયરીમાં લખેલા નામો કોડમાં છે. કેટલીક જગ્યાએ એચ



એમ, એનજી, એસ જે, કે કે, એચ પી, એલ આઈ એમ વગેરે જેવા નામો પૈસાની રકમ સાથે લખાયેલા છે. ઈડી અધિકારીઓ આ અંગે ચંદ્રસિંહ મોરીની પુછપરછ કરી રહ્યા છે. વધુમાં ડાયરી અને દસ્તાવેજોની યાદીમાં ઉર્ફે ગૌતમ, ઉર્ફે જયપાલસિંહ, ચેતન, પાસા, સિરાજ, નિલેશ, બી જે એમ, ગલચર, કાના, આશિષ ઉમિયા, રાકેશ, સંજયસિંહ, મિતુલ અને મેહુલના નામ છે. ઈડી અધિકારીઓએ ડાયરી અને દસ્તાવેજોમાં ઉલ્લેખીત નામો અને રકમની તપાસ કરી છે. સુત્રોના જણાવ્યા અનુસાર જમીન માટે એનએ (બિનકૃષિ) દરજજો મેળવવામાં સામેલ ઘણા વચેટીયાઓ અને વકીલોના નામ પણ સપાટી પર આવ્યા છે. પરંતુ ચાલુ તપાસને કારણે ઈડી અધિકારીઓ હાલમાં કોઈ ટીપ્પણી કરવા તૈયાર નથી. નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના મોબાઈલ ફોનમાંથી કેટલાક ડેટા મળી આવ્યા છે. જેના કારણે કલેકટર કચેરીના કર્મચારીઓને મોટા પાયે નાણાંકીય વ્યવહારો થયા છે કે કેમ તે તપાસવા માટે સમન્સ મોકલવામાં આવ્યા છે. સુત્રોના જણાવ્યા અનુસાર ઈડી આગામી દિવસોમાં લગભગ એક ડઝન વરીષ્ઠ અધિકારીઓને પુછપરછ માટે સમન્સ મોકલે તેવી શકયતા છે.